Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2019-20,posted at rajkot-RMS published & posting dt.-daily (evening) VALID UP TO 31-12-2020
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 6, Issue:59 Dt.19-12-2020 (Saturday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

દેશમાં કોરોના સંક્રમિતનો આંકડો ૧૦૦૦૦૦૦

કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં ભારત વિશ્વમાં બીજા ક્રમે, રીકવરીમાં અવ્વલ નંબરે

દર ૧૦ લાખે મૃત્યુઆંક પણ વિશ્વમાં સૌથી ઓછો : એકટિવ કેસ માત્ર ૩.૧૧ ટકા

શરૂઆતના ૧૦ લાખ પોઝિટિવ કેસો બાદ છેલ્લા ૩ મહિનાથી કોરોનામાં સતત ઘટાડો

ભારતમાં કેસોના પ્રમાણમાં ઝડપી રીકવરી જોઇને વિશ્વ આખાને અચંબો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ભારતમાં કોરોના સંક્રમીતોનો કુલ આંક આજે ૧ કરોડને પાર થઇ જવા પામ્યો છે. આ રીતે કોરોના મહામારીના કુલ પોઝિટિવ કેસોની સંખ્યાની દ્રષ્ટીએ ભારત વિશ્વમાં બીજા ક્રમે આવી ગયું છે. જો કે કોરોના મહામારીના આક્રમણ સામે ઝીંક ઝીલવામાં વિશ્વમાં સૌથી સારો દેખાવ ભારતનો રહયો છે. જેના કારણે રીકવરી રેઇટમાં ભારત વિશ્વભરમાં અવ્વલ ક્રમે રહયું છે. જે તંત્ર અને જનતા માટે રાહત રૂપ બીના છે.

ભારતમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા ૧ કરોડનો આંકડો ટપી જવા પામી છે. આ રીતે કોરોનાના સૌથી વધુ કેસોની સંખ્યામાં ભારત બીજા ક્રમે આવ્યું છે. સૌથી વધુ અમેરીકામાં ૧ કરોડ ૭૦ લાખ પોઝિટિવ કેસો નોંધાયા છે. ત્રીજા સ્થાને બ્રાઝીલમાં અત્યાર સુધીમાં ૭૧ લાખ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

ભારતમાં રીકવરીની સાથે સાથે મૃત્યુ આંકના મામલે પણ રાહત રૂપ સમાચાર સાંપડયા છે. મૃત્યુઆંકની દ્રષ્ટીએ ભારતના આંકડા દર્શાવે છે કે, દેશમાં દર ૧૦ લાખે મૃત્યુ આંક માત્ર ૧૦૪ જેટલો નોંધાયો છે. જે સમગ્ર વિશ્વમાં સૌથી ઓછો મૃત્યુદર છે. એજ રીતે રીકવરીની દ્રષ્ટીએ પણ ભારતે વિશ્વના દેશોને અચંબામાં મુકી દે તેવો દેખાવ કર્યો છે. ભારતનો રીકવરી રેટ વિશ્વમાં સૌથી વધારે ૯૧ ટકા જેવો નોંધાયો છે.

૧૫ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કોરોનાના આક્રમણને કારણે સૌથી વધુ ૫૦ લાખ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ઉતરોતર કેસોમાં ઘટાડો નોંધાયો છે. ભારતમાં સપ્ટેમ્બર મહિનો કોરોનાનો 'પીક મહિનો' રહયો હતો. એ મહિનામાં સૌથી વધુ ૯૮૭૯૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા હતા. જો કે છેલ્લા ત્રણ મહિનાના આંકડા જોઇએ તો કોરોના કેસોમાં સતત ઘટાડાનું પ્રમાણ જ જોવા મળ્યું છે. પહેલા ૧૦ લાખ કેસ નોંધાયા બાદ ૧ કરોડ કેસો સુધી પહોંચવામાં કોરોનાને ૩૨૩ દિવસની મજલ પસાર કરવી પડી છે. ૯૦ લાખ થી ૧ કરોડે પહોંચવામાં ૨૯ દિવસનો સમય લાગ્યો હતો. એ પણ વિશ્વમાં સૌથી ઓછો દર છે.

છેલ્લા આંકડા મુજબ ભારતમાં એકટિવ કેસની ટકાવારી પણ વિશ્વની સરખામણીમાં સૌથી ઓછી એટલે કે માત્ર ૩.૧૧ ટકા રહી છે. કુલ સંક્રમીતો પૈકીના ૯૫.૧૧ ટકા દર્દીઓ કોરોનાને મહાત આપવામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

કોંગ્રેસને ઉગારવા સોનિયાનું સાથીઓ સાથે મનોમંથન

શું ફરીવાર રાહુલ ગાંધીને પક્ષની કમાન ?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસમાં વધતી જતી સીનીયર અને વડિલ નેતાઓની નારાજગી દુર કરવાના હેતુ સાથે અને ભાંગતા જતા પક્ષને ઉગારવા માટે વરિષ્ઠ અગ્રણી સોનિયા ગાંધીએ મામલો હાથમાં લીધો છે. કોંગ્રેસના અગ્રણી નેતાઓ સાથે સોનિયા ગાંધીએ ૧૦–જનપથ ખાતે ખાસ બેઠક બોલાવી છે. જેમાં કોંગ્રેસના ભવિષ્ય અંગે સઘન ચર્ચા વિચારણા કરી નેતાઓને મનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આજે સવારે સોનિયા ગાંધીએ પક્ષના ટોચના નેતાઓને નિવાસ સ્થાને બોલાવી પરામર્શ શરૂ કર્યો હતો. આ બેઠકમાં પુર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંધ, એ.કે.એન્ટની, ગુલામનબી આઝાદ, આનંદ શર્મા, શશી થરૂર વગેરેએ હાજરી આપી હતી. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ ખાસ હાજર રહયા હતા.

કોંગ્રેસ પક્ષના આધારભુત સાધનોએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીને ફરી એક વખત કોંગ્રેસ પક્ષની કમાન સોંપવામાં આવે તેવી શકયતા છે. બીજા વિકલ્પ તરીકે પક્ષ પ્રમુખની આંતરીક ચૂંટણીઓ પણ યોજવામાં આવી શકે છે. નેતૃત્વ પરિવર્તન કરવુ તો કોણે ધુરા સોંપવી એ મુદ્દા પર કોંગ્રેસના વરિષ્ઠો સાથે સોનિયા ગાંધીએ સઘન ચર્ચા વિચારણા કરી હતી. અને બધાનો મત જાણયો હતો. સોનિયા ગાંધીએ આ રીતે પક્ષમાં કેટલાક ટોચના નેતાઓની નારાજગી દૂર કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. પક્ષને ફરીથી બેઠો કરવા અને મજબુત બનાવવા માટે ની વ્યુરચના પર વરિષ્ઠ નેતાગણે તેમના અભિપ્રાયો રજૂ કર્યા છે. પક્ષના નેતૃત્વ અંગે આગામી થોડા દિવસોમાં મોટી અને મહત્વની જાહેરાત થવાનો સંભવ છે. સુમાહિતગાર સાધનોએ જણાવ્યા મુજબ જાન્યુઆરીના અંત સુધીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખની આંતરિક ચૂંટણીઓ યોજવામાં આવે તેવી શકયતા છે. આ બેઠકની સાથે સાથે સોનિયા ગાંધીએ રાજસ્થાન કોંગ્રેસના નેતાઓ સાથે પણ બેઠકનું આયોજન કર્યુ છે. આ બેઠકમાં બંને જુથ વચ્ચે અંટશ નિવારી બે જુથો વચ્ચે તાલમેલ બેસાડવાનો પ્રયાસ સોનિયાએ શરૂ કર્યો છે. રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલોટ વચ્ચે મનદુખથી પક્ષમાં બે ચોખ્ખા ઉભા ફાંટા પડી ગયા છે.

અમિત શાહ બંગાળમાં : મમતા મુશ્કેલીમાં

બે દિવસની યાત્રામાં ચૂંટણી સમીકરણો રચી કાઢવા ગૃહમંત્રીના ટીએમસી ગઢમાં ધામા

એક પછી એક ધારાસભ્યના રાજીનામાથી સત્તાપક્ષમાં હલચલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

કોલકતા, તા.૧૯

એક પછી એક ધારાસભ્યો અને નેતાઓના રાજીનામાનો દોર શરૂ થઇ જતા સત્તાધારી તુણમુલ કોંગ્રેસના વડા અને પશ્ચિમબંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અસાધારણ રાજકીય સંકટનો સામનો કરી રહયા છે. એવા સંજોગોમાં આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળની બે દિવસની ખાસ મુલાકાતે આજે કોલકતા પહોંચી ગયા છે.

કોલકતા એરપોર્ટ પર સવારે શાહ આવી પહોંચતા બંગાળ ભાજપના આગેવાનો અને કાર્યકરોએ એમનું જોરદાર સ્વાગત કર્યુ હતું. મમતાના ગઢમાં બે દિવસ રહીને ગૃહમંત્રી શાહ ભાજપની ચૂંટણી વ્યુહનીતીને આવકાર આપશે. બે દિવસ દરમ્યાન તેઓ પક્ષના નેતાઓ અને કાર્યકરોને મળીને ચૂંટણીના સમીકરણો ગોઠવી કાઢશે. તેમ ભાજપના સુત્રોએ જણાવ્યું હતું. બીજી તરફ સત્તાધારી

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાતમાં કોરોના રસી માટે ૧ હજાર કેન્દ્ર તૈયાર

અમદાવાદ સહિતના વિસ્તારોમાં કેસો ઝડપથી ઘટતા હાશકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં એક તરફથી અમદાવાદ અને અન્યત્ર કોરોના કેસોના સંક્રમણમાં ઘટાડાના સારા સમાચાર આવી રહયા છે. ત્યારે બીજી તરફ રાજય સરકારે કોરોના રસીકરણની તમામ તૈયારીઓ કરી દીધી છે. આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ માટે રાજયમાં ૧ હજાર કેન્દ્ર ઉભા કરવાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે.

આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, કોરોના રસીના ડોઝ સુરક્ષીત રાખવા માટે રાજયમાં ૪૩ સ્થળો પર ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્રમાં બોકાસો બોલાવતી ઠંડી, હજુ બે દિવસ કોલ્ડ વેવ

રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૦.૩ નોંધાયુ, ઠંડા પવનથી રાહત મળી

દેશમાં કાતીલ ઠંડીનું મોજુ યથાવત, ઠેર–ઠેર હિમની ચાદર પથરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હાડથીઝાવતી ઠંડીનું પ્રમાણ યથાવત રહયું હતું. જોકે આજે બર્ફીલા પવનોથી લોકોને રાહત મળી હતી. રાજકોટમાં તાપમાનનો પારો આજે પણ સતત બીજા દિવસે ૧૦.૩ ડીગ્રી નોંધાયો હતો. બે દિવસથી લઘુતમ તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે રહયું છે. અન્યત્ર ઠંડીમાં થોડી રાહત જોવા મળી હતી. જોકે સમગ્ર ઉતરભારતમાં કાતીલ ઠંડીનો પંજો યથાવત રહેતા જનજીવન થંભી ગયું હતું.

આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્રમાં ઠંડીનું જોરદાર મોજુ યથાવત રહેશે. તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે. લોકોને આકરી ઠંડીમાં સાવધાની અને સાવચેતી રાખવા હવામાન ખાતાએ તાકીદ કરી છે. ઉતરભારતમાં ઠેર–ઠેર માયનશ ડીગ્રી તાપમાનથી ઠંડીનો કાળોકેર મચી જવા પામ્યો છે. દરમ્યાન રાજેસ્થાનમાં સાયકલોનીક સરકયુલેશન સર્જાયું છે. પંજાબ, હરિયાણા, યુપી, રાજસ્થાનમાં આકરી ઠંડી યથાવત રહી છે.

જ્યારે હિમાચલ પ્રદેશ અને ઉતર પ્રદેશ સતત ભારે બરફ વર્ષાથી હિમખંડ બની જવા પામ્યા છે. અમદાવાદ ૧૨.૯ ડીગ્રી, ડીસા ૮.૮ ડીગ્રી, વડોદરા ૧૪.૪ ડીગ્રી, સુરત ૧૭.૪ ડીગ્રી, ગીરનાર પર્વત ૫.૫ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

કોરોનાની સારવાર સસ્તી કરો, લોકોને આર્થિક પરેશાની છે : તમામ રાજયોને સુપ્રિમ કોર્ટનો આદેશ

ખાનગી હોસ્પિટલોને ૫૦ ટકા બેડ ફ્રી કરવા તાકીદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૧૯

કોરોનાની મોંઘી સારવારના મામલે સુપ્રિમ કોર્ટે આજે નારાજગી વ્યકત કરી હતી અને કોરોના દર્દીઓ માટેની સારવાર સસ્તી કરવાનો કેન્દ્ર તથા રાજયોને આદેશ આપ્યો હતો. એક અરજી પર સુનવણી બાદ સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરી હતી કે કોરોના દર્દીઓની આર્થિક હાલત ખુબ જ ખરાબ છે. આથી એમને રાહત થાય એ રીતે સારવાર સસ્તા દરે આપવી જોઇએ. લોકો અને ખાસ કરીને દર્દીઓ મોંઘી સારવારને કારણે આર્થિક સમસ્યાનો સામનો કરી રહયા છે.

સુપ્રિમે આદેશ આપ્યો હતો કે, ખાનગી હોસ્પિટલોએ દર્દીઓને રાહત આપવા માટે ૫૦ ટકા બેડની સારવાર વિનામુલ્યે કરવી જોઇએ. લોકોની સલામતી એ જ પ્રથમિકતા છે.

આગામી બજેટ સો વર્ષમાં ન આવ્યું હોય એવું અભુતપુર્વ હશે : નાણાંમંત્રી નિર્મલા સીતારમણ

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

પોરબંદરના ડો. અવેશ ચૌહાણનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

મુસ્લિમ સિપાઈ સમાજની પ્રગતિ માટે રાત - દિવસ સતત દોડતા પોરબંદરના ડો. આવેશ ચૌહાણનો આજે જન્મદિવસ છે. તેમના સગા સ્નેહીઓ જન્મદિવસની શુભકામનાઓ પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી ડો. અવેશ ચૌહાણને જન્મદિવસની ખુબ - ખુબ શુભકામનાઓ...

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

Whatsapp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈપણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસવીરને અમારા સુધી પહોંચાડો.
કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર **Whats App** કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ/ બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI
Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

રાજકોટમાં રાત્રિ કર્ફ્યું હટાવવા 'આપ' દ્વારા બેનરો પ્રદર્શિત કર્યા

સરકારના સવારે તાયફા, રાત્રે ૯ પછી પ્રજા જાણે માફિયા : આપ

(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)રાજકોટ :શુક્રવારે સાંજે એસ્ટ્રોન ચોકમાં આમ આદમી પાર્ટી દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિરાણી હાઈસ્કુલ નજીક આવેલી નાગર બોર્ડીંગથી કાર્યકર્તાઓ રેલી સ્વરૂપે એસ્ટ્રોન ચોક પહોચી કર્ફ્યું બંધ કારો, સરકારના સવારે તાયફા, રાત્રે ૯ પછી પ્રજા જાણે માફિયા સહિતના સુત્રો સાથે બેનર પ્રદર્શિત કરી ચક્કાજામ સાથે વિરોધ દર્શિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આગેવાનો દ્વારા રાત્રી કર્ફ્યુંને લીધે સામાન્ય વર્ગના લોકોને હાલાકી ભોગવવી પડે છે. તેની વેદના વ્યક્ત કરવામાં આવી હતી. એસ્ટ્રોન ચોકમાં આમ આદમી પાર્ટી દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવામાં આવતા અંદાજે ૬૦ જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. (૧.૨)

જીયુએસએસની શિક્ષણમંત્રીને રજૂઆત

અધ્યાપક સહાયકોની ભરતીમાં જગ્યાઓ ઘટાડાતા નારાજગી

સ્થગિત કરાયેલી ૯૬૦ જગ્યાઓની બદલે નવી ભરતીમાં ૭૮૦ જગ્યાઓ ભરવા કવાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૯

બિનસરકારી અનુદાનિત કોલેજો માટે અધ્યાપક સહાયકોની ભરતીમાથી કેટલાક વિષયોની બાદબાકી થતા ગુજરાત યુનીવર્સીટી શૈક્ષિક સંઘે શિક્ષણમંત્રીને રજૂઆત કરી આગાઉંની જાહેરાત પ્રમાણે તમામ જગ્યાઓ યથાવત રાખી ચાલુ વર્ષે જ ભરતી કરવાની માંગ કરી છે. રાજ્યની કોલેજોમાં છેલ્લા પાંચ વર્ષથી ખાલી પડેલી અધ્યાપકોની જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં વિનયન, વાણીજ્ય, વિજ્ઞાન, હોમ સાયંસ, કાયદા, શિક્ષણ, શારીરિક શિક્ષણ, ગ્રામ વિદ્યા વગેરેના જુદા જુદા વિષયોમાં કુલ ૭૮૦ જગ્યાઓ માટેની કેન્દ્રિયકૃત ભરતીની જાહેરાત આવેલી છે જેને ગુજરાત યુનીવર્સીટી શૈક્ષિક સંઘ આવકારે છે. પરંતુ આ સાથે ગુજરાત યુનીવર્સીટી શૈક્ષિક સંઘ નમ્ર નીવેદન થકી આપનું ધ્યાન દોરવા માંગે છે કે આ અગાઉ શિક્ષણ વિભાગે વિવિધ વિષયોમાં કુલ ૯૬૦ ખાલી જગ્યાઓ ભરવા માટેની કેન્દ્રીયકૃત ભરતીની જાહેરાત આવી હતી જે બાદમાં સ્થગિત રખાઈ હતી. આ સ્થગિત રખાયેલ જાહેરાતના અનુસંધાનમાં જ નવે જાહેરાત હોવા છતાં તેમાં વિવિધ વિષયોની કુલ ૧૮૦ જગ્યાઓ ઓછી બતાવેલ છે તેથે જે તે વિષયોમાં Ph.D.,NET/SET/JRF કરીને ઉચ્ચ શિક્ષણમાં કારકિર્દી બનાવવા માંગતા નોકરી ઈચ્છુક ઉમેદવારોમાં નારાજગી વ્યાપી છે. વધુ આઘાતજનક વાત તો એ છે કે કેટલાક વિષયોમાં તો અગાઉની જાહેરાતમાં આવેલ તમામ જગ્યાનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે જયારે અમુક વિષયોમાં જગ્યામાં કપ મુકવામાં આવ્યો છે. અગાઉ વિષયોને મળીને કુલ-૨૦૦ જગ્યા હતી જેના બદલે નવી જાહેરાતમાં ત્રણે વિષયો ભેળવી દઈને કોમર્સ-એકાઉન્ટન્સી એક જ વિષય કરી દેવાયો છે અને એમાં કુલ-૧૭૯ જગ્યા બતાવે છે જેથી એમાં પણ ૨૧ જગ્યાની ચોખ્ખી બાદબાકી કરી દેવામાં આવે છે. આ ઉપરાંત અંગ્રેજી વિષયમાં ૧૦ અને રસાયણશાસ્ત્રમાં પણ ૧૨ જગ્યાનો કાપ મુકવામાં આવ્યો છે. બાદબાકી કરાયેલ કે કાપ મુકાયેલ વિષયોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા ચાલુ શૈક્ષણીક વર્ષમાં જ શરૂ કરવાની માંગ અંતમાં ગુજરાત યુનીવર્સીટી શૈક્ષિક સંઘ શિક્ષણમંત્રી સમક્ષ કરે છે. (૩.૧૦)

રાજકોટના સ્વરાજ ફાઉન્ડેશનનું વોકલ ફોર લોકલને સમર્થન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા ૧૯

રાઈઝીંગ ઈન્ડીયા દ્વારા સ્વદેશી વસ્તુઓના પ્રચાર પ્રસાર માટે વોકલ ફોર લોકલ અભિયાન ને સમર્થન આપવા ૬૫૦ થી વધુ પરિવારોને રાહતદરે સ્વદેશી કીટ વિતરણ કરેલ. નાની મોટી સ્વદેશી કંપની નો સંપર્ક કરી તેઓની વસ્તુઓ નો પ્રચાર પ્રસાર થાય તે માટે પ્રયત્ન કરેલ જેમાં ૬૫૦ પરિવારોએ આપડા રૂપિયા

૬૫૦થી વધુ પરિવારોને રાહતદરે સ્વદેશી કિટનું વિતરણ

આપડા લોકો પાસે જ રહે તેવા ઉમદા ભાવથી ખુબજ સારો સહયોગ આપેલ. આ કાર્યમાં રાઈઝિંગ ઈન્ડીયા ના પ્રમુખ હર્ષિલભાઈ શાહ, અંકીતભાઈ દાવડા, અશ્વિનભાઈ પુજારા, રવિભાઈ સુરાણી, રોહિતભાઈ ખોલીયા, દશરથસિંહ રાણા, ધવલભાઈ રાઠોડ, પરાગ લોલારીયા, પુર્વીશ વડગામા, મીતેશભાઈ પીઠવા, સોહમ પ્રજાપતિ, વિરાટ સોની, ભાગ્યેશ શાહ વિગેરે જોડાયેલ હતા. (૧૩.૧૧)

મનપામાં વહીવટદાર શાસન વચ્ચે

દાખલાઓ અંગેની સમસ્યા નિવારતા ધારાસભ્ય ગોવિંદ પટેલ

વોર્ડ નં.૧૭ ના ભાજપ કાર્યાલય તેમજ રાજનગર ચોકમાં આવેલા ધારાસભ્યના કાર્યાલયથી દાખલ મળી રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૯

તાજેતરમાં જ રાજકોટ મનપાની મુદત પૂરી થતા મ્યુ.કમિશનર ઉદીત અગ્રવાલને વહીવટદાર તરીકે નિમણુક કરાઈ છે. ત્યારે શહેરીજનોને આવક અને મરણના દાખલા અંગે પડતે મુશ્કેલીઓ નીવારવા ધારાસભ્ય ગોવિદ પટેલે આગળ આવી વ્યવસ્થા કરી છે. મ્યુ.કોર્પોરેશનની ચુટાયેલા લોકોની મુદત પૂરી થતા આવકના અને મરણના દાખલા માટેની સમસ્યા ઉભી થયેલ છે. જેનો ધારાસભ્ય ગોવિંદ પટેલે ઉપાય કરેલ છે. પટેલની યાદી જણાવે છે કે ગુદાવાડીથી શરૂ કરીને રીંગ રોડ સુધીના વિસ્તારના લોકો માટે વોર્ડ-૧૭માં ભાજપ કાર્યાલય, હરિધવા રોડ, કોઠારિયા રોડ સ્વીમીંગ પુલ પાછળ રાજુભાઈ સોરઠિયા દાદીમાં પાર્ક તથા જય સરદાર યુવક મંડળ, માયાણી ચોક નીતિનભાઈ રામની માજી કોર્પોરેટર ગેલેક્ષી મોબાઈલ સ્વામીનારાયણ ચોક તેમજ ધારાસભ્યનું કાર્યાલય રાજનગર ચોક ખાતેથી મળી શકશે તેમ એક યાદી જણાવે છે.

ગેરકાનુની પિસ્ટલ સાથે ઝડપાયેલ પૂર્વ નગરસેવક જામીન મુક્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ તા.૧૯

આ બનાવ અંગે પોલીસ ફરિયાદ પ્રમાણેની વિગત એવી કે ટ્રાફિક બ્રાંચના ઇન્દ્રજીતસિંહ અજીતસિંહ ઝાલા ગત તા.૧૭ ના રોજ રાત્રે એરપોર્ટ ફાટક પસેવ કર્ફ્યું અંગેની નાઈટ ડયુટીમાં હતા ત્યારે રાત્રે ૯:૪૫ વાગ્યે એક ફોરવીલ ગાડી ગઈઈ સર્કલ પાસેથી આવતા તેને રોકી જોતા વોકસ વેગન પોલો ગાડી હતી જે ગાડીમાં બેસેલ વ્યક્તિને ઉતારી ગાડી ચેક કરતા ગાડીમાં ડેશબોર્ડના ખાનામાં ચેક કરતા દેશી બનાવટની પિસ્ટલ જોવા મળેલ.

જેથી પ્ર.નગર પો.સ્ટે.માં ફોનથી જાણ કરતા ઈન્વે.PSI ઝાલા આવી જતા તેમને તુરંત બે પંચોને બોલાવી પંચો રૂબરૂ ગાડીમાં રહેલ ઇસમનું નામ પૂછતા તેણે પોતાનું નામ સંજયભાઈ બાવનજીભાઈ ધવા જાતે પટેલ રહે.નાના મૌવા રોડ, રાજકોટ વાળા હોવાનું જણાવેલ અને આ સંજયભાઈના કબજાની કારના ડેશબોર્ડ માંથી પિસ્ટલ કે જેના મેગેઝીનમાં પાંચ કાર્ટીસ ભરેલ હતા તે અંગે લાયસન્સ કે પરમિટ બાબતે પુછપરછ કોઈ સંતોષકારક જવાબ ન મળતા તેને વિરુદ્ધ રાત્રી કર્ફ્યુંનો ભંગ કરી પોતાના ફોર વીલમાં ગેરકાયદે દેશી બનાવટને લોડેડ પિસ્ટલ કાર્ટીસ સાથે કબજો કરે તેની વિરુદ્ધ આર્મસ એકટ અને આઈ.પી.સી.ની કલમ હેઠળ ગુનો નોંધી

રાત્રી કર્ફ્યું દરમિયાન પોલીસે સંજય ધવાની બે દિવસ પહેલા ધરપકડ કરેલ

ધરપકડ કરેલ હતી. ત્યારબાદ આરોપેનો કોરોના ટેસ્ટ થઈ જતા તેને કોર્ટમાં રજુ કરવામાં આવેલ જ્યાં આરોપીએ પોતાના વકીલ મારફત જમીન અરજી કરતા બચાવપક્ષની રજૂઆત જામીન અંગેના સિધ્ધાંતો વિગેરે બાબતો ધ્યાને લઈ રાજકોટના જજ.એમ.વી.ચૌહાણએ આરોપી સંજયભાઈ બાવનજીભાઈ ધવાને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરેલ છે. આ કામે આરોપી પૂર્વ નગરસેવક સંજયભાઈ ધવા વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, શક્તિસિંહ ઝાલા, અમિત જનાણી, જીતેન્દ્રસિંહ પરમાર તથા હુશેન હેરંજા રોકાયેલ હતા.(૩.૧૧)

વોર્ડ નં.૧૪માં લાઈનલોસથી હજારો લીટર પાણી વેડફાયું

લોકસંસદ વિચારમંચની મ્યુ. કમિશનર, સીટી ઈજનેરને ફોટા સાથે રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

શહેરના વોર્ડ નં.૧૪માં વાણીયાવાડી ૪૧૮માં રાત્રે પાણીને પાઈપ લાઈન લીકેજ થતા લાખો લીટર પાણીનો વેડફાટ થતાની જાણ લોક સંસદ વિચાર મંચના ગજુભા ઝાલા, પરેશભાઈ વોરા અને ભાવેશ પટેલ દોડી ગયા હતા. પાણીનો વેડફાટ થતા હોવાની જાણ વોર્ડ ઓફિસરને કરતા તેઓએ જણાવેલ

રજૂઆત પછી પણ આરામથી સ્થળ પર અધિકારીઓ પહોચ્યા : ગજુભા

કે , અમો શું કરીએ જવાબદાર અધિકારીઓ ફોન ઉપાડતા નથી. ગજુભાએ મ્યુ.કમિશનર, ડે.ઈજનેર, સિટી ઈજનેરને ફોટા મીકલી તાકીદે પાણી બંધ કરાવી લાઈન રીપેર કરવા જણાવાયું હતું. અધિકારીઓ ૧ કલાક પછી સ્થળ પર પહોચી લાઈનનું સમારકામ હાથ ધર્યું હતું.(૧.૧૧)

દ્વારકામાં મહારાષ્ટ્ર મંડળ દ્વારા નિર્માણાધીન ધર્મશાળા માટે દાનની અપીલ

યાત્રિકોની સુવિધા માટે ભકિતનિવાસ નામે ધર્મશાળા બનશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
દ્વારકા તા.૧૯

મહારાષ્ટ્ર મંડળ દ્વારકામાં ૧૨૦૦૦ ચો.ફૂટ.પ્લોટ ધરાવે છે. હાલ સુધી ત્યાં જૂની ધર્મશાળા હતી, મહારાષ્ટ્ર મંડળ રાજકોટ હસ્તક તે જગ્યા છે. તેમજ અમરેલી, જામનગર, ભાવનગર, અમદાવાદ મહારાષ્ટ્ર મંડળોના સહયોગથી મહારાષ્ટ્ર મંડળ દ્વારકા, દેવ ભૂમિ દ્વારકામાં ભક્ત નિવાસ બાંધી રહ્યું છે. જે દ્વારકાધીશનાં દર્શને આવતા યાત્રિકોને રહેવાની સારી વ્યવસ્થા મળી રહે તે શુભ હેતુથી આ ભકત નિવાસ બાંધવાનું આયોજન કરેલ છે. સહુને આહ્વાન કરીએ છીએ કે આ પવિત્ર કાર્યમાં આર્થિક સહયોગ મળે તો સરળતા રહે. મહારાષ્ટ્ર મંડળ દ્વારકા પાસે ૮૦G હોવાથી ડોનેશ્નનું ઈન્કમ ટેક્ષમાં લાભ મળે છે. મહારાષ્ટ્ર મંડળ દ્વારકાની વેબ સાઈટ www . Maharashtramandaldwarka . com પર અન્ય વિગતો ઉપલબ્ધ છે. દાન માટે બેંક એકાઉન્ટ વિગત State Bank of India, A/C Name : Maharashtra Mandal Dwarka, Branch : Dwarka, A/C NO. 036319363616,IFSC : SBIN0060090 (૧૨.૮)

મહારાષ્ટ્ર સરકાર નાગરિકોને મફતમાં કોરોનારસી આપવા તૈયાર

કેન્દ્ર સરકાર જો રાજ્યની જનતાને કોરોના વાઈરસની રસી મફતમાં નહીં આપે તો રાજ્ય સરકાર આપવા તૈયાર

(એજન્સી સમાચાર)
મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્ર સરકારે એવો સંકેત આપ્યો છે કે કેન્દ્ર સરકાર જો રાજ્યની જનતાને કોરોના વાઈરસની રસી મફતમાં નહીં આપે તો રાજ્ય સરકાર આપવા તૈયાર છે. રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ કહ્યું છે કે રાજ્ય સરકારે માગણી કરી છે કે કેન્દ્ર સરકારે લોકોને મફતમાં કોવિડ-૧૯ રસી આપવી જોઈએ. જો તે નહીં આપે તો રાજ્યની જનતાને તે મફતમાં આપવાની જવાબદારીમાંથી અમે પીછેહઠ નહીં કરીએ. ટોપેએ કહ્યું કે, જો કેન્દ્ર સરકાર સામુહિક રસીકરણ પ્રક્રિયાને આ મહિનાના અંતે મંજૂરી આપશે તો મહારાષ્ટ્રમાં પહેલા રાઉન્ડમાં આશરે ત્રણ કરોડ લોકોને તે રસી આપવામાં આવશે. એમાં તમામ મેડિકલ કર્મચારીઓ, સેવા બજાવવામાં મોખરે રહેતા કર્મચારીઓ, ૫૦ વર્ષથી વધુની વયના લોકોને પ્રાધાન્ય આપવામાં આવશે. પહેલા રાઉન્ડમાં જે લોકોને પસંદ કરાશે એ દરેકને એના મોબાઈલ ફોન નંબર પર એસએમએસ મોકલવામાં આવશે.પહેલો ડોઝ લીધા બાદ વ્યક્તિએ સુવિધા કેન્દ્રમાં અડધો કલાક સુધી રોકાવું પડશે.

જસદણઃ સોશિયલ મીડિયામાં ચર્ચાની એરણે ચડતો ચબુતરો

પાલિકાએ ફાજલ જગ્યાનો સદઉપયોગ કરવો જોઈએ તેવી લોકોમાં ચર્ચા

(અમારા પ્રતિનિધિ દ્વારા)
જસદણ,તા.૧૯

જસદણમાં નગર સેવકોએ અતિ કીંમતી જમીન પારેવાના ઓટો પાડવાનો ન પાડવા અંગે સોશ્યલ મિડિયા ગજવ્યું છે.જેમાં ગેરરિતી કરવા અંગે પણ આક્ષેપ થયો છે પણ જસદણ શહેરમાં નગરપાલિકાના અસ્તિત્વથી કરોડો રૂપિયાની જમીનો પર ખુલ્લેઆમ દબાણ છે. ચીફ ઓફીસર જાણતા હોવા છતાં અત્યાર સુધી, કોઈ પગલા ભર્યા નથી પણ વિજયભાઈ રૂપાણીની સરકારે તાજેતરમાં ભુમાફિયા વિરૂધ્ધ કાયદો બનાવ્યો છે.પણ નગરપાલિકાની કરોડો રૂપિયાની જમીનો જે કબજામાં છે. તેની સામે ફરિયાદી કોણ બનશે? એવો સોમણનો સવાલ ઉઠયો છે.રહી વાત જે સોશ્યલ મિડિયામાં હાલ સભ્યો છે. રહી વાત જે સોશ્યલ મિડિયામાં હાલ સભ્યો છે. રહી વાત જે સોશ્યલ મિડિયામાં હાલ સભ્યો લડાઈ કરી રહયા છે. તે પારેવાના ઓટા પાડવાની વાતને લઈ સભ્યો નોખી નોખી વાતો કરી રહયાં છે પણ જમીનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો આ રકમ માંથી શહેરમાં આધુનિક ૨૦ ચબુતરાનું નિમાર્ણ થઈ શકે શહેરના આદમજીરોડ પર વર્ષો જુનો પારેવાનો ઓટો આવેલો છે આ પારેવાના ઓટામાં અત્યારે એકપણ કબુતર ચણવા માટે આવતું નથી.

જો આ જગ્યામાં પાલિકા મંજુરી લઈ શોપીંગ સેન્ટર ઉભુ કરે તો પાંચ કરોડ રૂપિયા જેટલી આવક થઈ શકે એમ છે.અને લોકોને રોજગારી પણ મળે પરંતુ હાલ ખુદ ભાજપના સભ્યો અંદરો અંદર બાખડી રહયાં છે એક કહે છે પારેવાનો ઓટો પાછળની દુકાનોને લાભ થાય એટલે તોડી નાખવા ઠરાવ કરવામાં આવ્યો છે.બીજો નગર સેવક કહે છે કે આ ઓટાને આધુનિક સ્વરૂપ આપવા માટે એક સંસ્થા કાર્યરત છે પણ આ ઓટા અંગે ભાજપના મોવડીઓ અને તંત્ર સંકલન કરી શોપીંગ સેન્ટર બનાવે અને ભવિષ્યમાં જસદણની પ્રજાને લાભ થઈ શકે છે. સભ્યોએ આ ઓટા અંગે સોશ્યલ મિડિયામાં ગેરરિતીનો પ્રશ્ન અને પાયા વગરની વાતોના પ્રશ્નો ઉઠાવ્યો છે. પણ એનાથી પ્રજાને કે કબુતરને કોઈ લાભ નથી.થવાનો જસદણ હજુ પાયાની સુવિધાથી વંચિત છે.કેટલાય પ્રશ્નો ઉકેલાયા નથી.

જસદણની ચારેય દિશામાં નગરપાલિકાની જગ્યાઓ કરોડો રૂપિયાની ભૂમાફીયાઓના કબજામાં છે.ભુ માફીયાઓ વર્ષે દહાડે એમાંથી લાખો રૂપિયાની આવક મેળવે છે. શહેરમાં ચોમેર નગરપાલિકાના નિયમ મુજબ કેટલાય શોપીંગ સેન્ટરોએ જગ્યા છોડી નથી એવા શોપીંગ સેન્ટરોને જગ્યા છોડી નથી એવા શોપીંગ સેન્ટરોને મંજુરી આપી દીધી છે. રસ્તો રોકીને બેસતાં ફેરિયાઓ અને વાહનોનાં આડેધડ પાર્કીંગ માટે જસદણ નગરપાલિકા આજ સુધી કાંઈ કરી શકી નથી.ત્યારે હાલ ણપાલિકાના વડા ચીફ ઓફીસર બધાં કામો મુલતવી રાખી.

જસદણમાં ગેરકાયદે શોપીંગ દુકાનો મકાનો અને નગર પાલિકાી કેટલી જગ્યાં છે? અન. દરેક વિસ્તારના ફેરિયાઓ લારીઓ વાળાને એક મેદાનમા જગ્યા ફાળવે એવી માંગણી લોકો કરી રહયા છે.(૧૩.૫)

તંત્રી સ્થાનેથી...

દેશમાં ૬ થી ૮ મહિનામાં ૩૦ કરોડ લોકોને રસી અપાશે

દેશમાં કોરોના કેસોમાં ઘટાડો થવા સાથે સાજા થનાર કોરોના દર્દીઓની સંખ્યા પણ વધવા લાગી છે. ત્યારે ભારતમાં કોરોનાવાયરસ નાથવા માટે દેશભરમાં કોરોના રસી આપવા માટે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. જેમાં વેક્સિનનો સ્ટોક રાખવા માટેના કુલુગ સ્ટોરેજ,રસી સપ્લાય કરવાની સુવિધાઓ તેમજ દેશભરમાં પ્રથમ તબક્કામાં કોને રસી આપવામાં પ્રાધાન્ય આપવું તેનો સર્વે ચાલી રહ્યો છે. દેશમાં ૬ થી ૮ મહિનામાં ૩૦ કરોડ લોકોને રસી આપવા માટે તૈયારી કરવામાં આવી છે.આ રસીકરણમાં એસ્ટ્રાજેનેકા, રશિયાની સ્પૂતનિક વી,ઝાયડ્ઝ કેડિયાની રસી તેમજ ભારથ બાયોટેકની રસી વગેરેનો સમાવેશ થાય છે.આ વિગતો રોઈટર્સ દ્વારા રિવ્યુ કરવામાં આવેલ અહેવાલમાં દર્શાવવામાં આવી છે.વિશ્વમા અમેરિકા પછી સૌથી વધુ કોરોના સંક્રમિત વાળો દેશ ભારત છે. ૧૩૦ કરોડની વસ્તી ધરાવતા ભારતમાં રસીકરણ કરવા માટે આગ્રહ હરોળમા રહી કાર્ય કરતા અને જોખમવાળા લોકોના રસીકરણ માટે ૬૦ કરોડ ડોઝની જરૂરિયાત રહેશે. તો ભારતને ૧૯.૨૫ કરોડ ડોઝ કોવૈક્સ સુવિધાઓ અનુસંધાને મળી જાય તો પણ બાકી રસીનો ડોઝ માટે ૧૦૩.૧૧ આરબ રૂપિયા ખર્ચ કરવા પડશે. જે બાબત મંગળવારે મળેલ ગાવીની ત્રિદિવસીય મિટિંગ માટે તૈયાર અહેવાલમાં આ વાત સામે આવી છે. જેને હજી સુધી પ્રસિધ્ધ કરવામાં આવેલ નથી.

જો ભારતને એવું ૯,૫ થી ૧૨.૫ કરોડ રસીના બોઝની સહાય મળે તો પણ સરકારને રસીની વધુ ખરીદી કરવા દેશો ૧૩૨.૫૭ આરબ ખર્ચ કરવો પડશે. જ્યારે કે કેદ્રના ૨૦૨૦-૨૧ ના બજેટમાં હેલ્થ કેર માટે રૂપિયા ૭૩૬.૫૧ અરબની જોગવાઈ કરી છે. જોકે નાણામંત્રાલર કે સ્વાસ્થ્ય મંત્રાલયને આ બાબતે પૂછવામાં આવેલ પ્રશ્નોમાં કોઈ પ્રત્યુત્તર આપ્યો નથી. જ્યારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને ગોવી દ્વારા ચલાવવામાં આવી રહેલા કોવેક્સ પ્રોજેક્ટનો ઉદ્દેશ ગરીબ અને મધ્યમ આવક વાળા દેશોને તપાસ કિટ, દવા અને વેક્સિન ઉપલબ્ધ કરાવવાનો છે. આ બધુજ ફંડ દ્વારા કરવામાં આવી રહ્યું છે તેને એક્સેસ ટુ કોવિડ ૧૯ ટૂલ્સ એક્સીલેટર નામ આપવામાં આવેલ છે.ભારત સરકારે વેક્સિન પાછળ થનાર ખર્ચનો કોઈ અંદાજ રજૂ કરેલ નથી. જોકે દેશ ભરમાં તમામ લોકોને રસી આપવા આયોજન કરાશે તેમાં રાજ્ય સરકારો, દવા કંપનીઓ,દાન દાતાઓનો સહયોગ લેવાશે. અને વિશ્વ સંગઠનોના ગઠબંધન ગાવીએ કહ્યું કે તે ભારત સરકાર સાથે સહાય પેકેજ અનુસંધાને વાત કરી રહ્યુ છે.!

દૈનિક રાશીફળ

તા.૧૯-૧૨-૨૦૨૦ શનિવાર

મેષ(અ,લ,ઈ): મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. જવાબદારીનાં કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થવાનો યોગ રહેશે. મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે.

વૃષભ(બ,વ,ઉ): યાત્રા અને મનોવિનોદમાં સમય પસર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે.

મિથુન(ક.છ.ઘ): સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. સુખ-સમૃદ્ધિ વધવાથી અનેક અટકેલા કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે.

કર્ક(ડ,હ): યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

સિંહ(મ,ટ): સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ છે. ભવન નિર્માણ સંબંધી કાર્યો થશે. ખર્ચ, પ્રવાસ વગેરેના યોગ છે. નવા સંબંધ બની શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ. આર્થિક સ્ત્રોતોમાં વૃદ્ધિના કાર્ય થશે.

કન્યા(પ,ઠ,ણ): વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્ન કરવો પડશે.

તુલા(ર.ત.): સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

વૃશ્ચિક(ન.ય.): સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો ચાલશે.

ધન(ભ,ધ,ફ,ઢ): જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

મકર(ખ.જ.): જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદનો યોગ.

કુંભ(ગ,સ,શ,ષ): સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ. પદ, વાહન સંબધી વિવાદોમાં સમય પસાર થશે.

મીન(દ,ચ,ઝ,થ): ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. નકામા તનાવથી બચવું.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૯-૧૨-૨૦૨૦, શનિવાર, નિજ માગશર સુદ-૪, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૮-૦૯, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઘનિષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૨૩ થી અભિજીત ૧૩-૦૬ સુધી, ૮-૪૩ થી શુભ-૧૦-૦૩ સુધી, ૧૨-૪૪થી ચલ-લાભ-અમૃત-૧૬-૪૬ સુધી, ૧૦-૦૬ થી લાભ-૧૯-૪૬ સુધી, ૨૧-૨૫ થી શુભ-અમૃત-૨૪-૪૪ સુધી

- શુભ હોરા-
૮-૧૬ થી ૯-૧૦ સુધી, ૧૦-૫૭થી ૧૩-૩૮ સુધી, ૧૪-૩૧થી ૧૫-૨૫ સુધી ૧૭-૧૨થી ૨૦-૧૯ સુધી

ગૃહ મંત્રાલયે નવા નિયમો તાત્કાલિક અસરથી અમલી બનાવ્યા

પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડે ૨૦ દિવસની ટ્રેનિંગ લેવી પડશે

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૧૯

તમામ ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સને ઓછામાં ઓછા ૨૦ દિવસ ટ્રેનિંગ લેવાની રહેશે. આ ટ્રેનિંગમાં ભીડ પર અંકુશ, આગ પર નિયંત્રણ અને આઇઇડી ઓળખવાની તાલીમ આપવામાં આવશે. જ્યારે પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સીઓના માલિકોને ઇન્ટરનલ સિક્યુરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની છ દિવસની ટ્રેનિંગ લેવાની રહેશે. ગૃહ મંત્રાલયે એક નોટિસફિકેશનમાં જણાવ્યું છે કે આ નવા નિયમો તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાના રહેશે. ગૃહ મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સી(રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૫ની કલમ ૨૪ હેઠળ આ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયે આ નવા નિયમોને પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સી સેન્ટ્રલ મોડેલ રૂલ્સ નામ આપ્યું છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે પ્રાઇવેટ સિક્યુરિટી ગાર્ડની એન્ટ્રી લેવલની ટ્રેનિંગ ઓછામાં ઓછા ૨૦ દિવસની રહેશે. જેમાં ૧૦૦ કલાક ક્લાસરૂમમાં ટ્રેનિંગ અને ૬૦ દિવસ ફિલ્ડ ટ્રેનિંગ આપવામાં આવશે. એક્સ સર્વિસમેન અને પોલીસના પૂર્વ કર્મચારીઓને ઓછામાં ઓછા સાત દિવસની ટ્રેનિંગ લેવાની રહેશે. જેમાં ૨૦ કલાક ક્લાસરૂમની ટ્રેનિંગ અને ૧૬ કલાક ફિલ્ડ ટ્રેનિંગના રહેશે.તાલીમમાં ફિઝિકલ ટ્રેનિંગ, ફિઝિકલ સિક્યુરિટી, મિલકતોની સુરક્ષા, બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટની સુરક્ષા, પર્સનલ સિક્યુરિટી, હાઉસહોલ્ડ સિક્યુરિટી, ફાયર ફાઇટિંગ, ભીડ પર અંકુશ, આઇડી કાર્ડ, પાસપોર્ટ અને સ્માર્ટ કાર્ડ સહિતના ઓળખના દસ્તાવેજોની ચકાસણી શીખવવામાં આવશે. નવા નિયમ મુજબ પ્રાઇવેટ સિક્યુરિટી ગાર્ડને અંગ્રેજી આલ્ફાબેટ તેમજ અંકો વાંચતા અને સમજતા આવડવું જોઇએ કારણકે મોટા ભાગના આઇ કાર્ડમાં નામ અને નંબર અંગ્રેજીમાં હોય છે.

કોડીનારનાં કુખ્યાત બુટલેગરને પાસા હેઠળ અમદાવાદ ધકેલાયો

પોલીસે બે વર્ષ બાદ પાસાનું હથિયાર ઉગામતા અસામાજિક તત્વોમાં ફફડાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

કોડીનાર તા.૧૯

કોડીનારમાં દારૂનાં ધંધાર્થી પૈકીનાં મુખ્ય બુટલેગરની પ્રવૃત્તિઓ ડામવા માટે કોડીનાર પોલીસે અથાગ મહેનત કરી તેને પાસા હેઠળ પકડી પાડી અમદાવાદ સેન્ટ્રલ જેલ મોકલી આપતા અન્ય બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આ અંગેની વિગત મુજબ જુનાગઢ રેન્જ આઈ.જી.મનીન્દર પવાર, ગીર સોમનાથ એસ.પી.રાહુલ ત્રિપાઠી દ્વારા દારૂની બદીઓને અંકુશમાં લેવા માટે અને પ્રોહીબેશનમાં સંડોવયેલા શખ્સો સામે કાર્યવાહી કરવાની મળેલી સુચનાનાં આધારે કોડીનારના પી.આઈ.એસ.એન.ચુડાસમા તથા તેમની ટીમના પી.એસ.આઈ.ગરચર, સ્ટાફના એસ.એમ.વાજા, વી.વી.પરમાર, એસ.એચ.રાયજાદા, ભીખાભાઈ, અશ્વિનભાઈ અને પ્રતાપભાઈ એ સંયુક્ત કામગીરી કરી કોડીનારમાં દારૂ જેવી અસામાજીક પ્રવૃત્તિઓ ડામવા માટે આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા અને ૨૦ જેટલા પ્રોહીબેશનના ગુનામાં સંડોવાયેલા કુખ્યાત બુટલેગર રમેશ અરજણ ચુડાસમાની પાસા હેઠળ અટકાયત કરવા માટે દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપતા કોડીનાર પોલીસનાં મજબુત પેપર વર્ક જોઈ આ બુટલેગરની ગુનાહિત પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવો જરૂરી જણાતા જીલ્લા મેજીસ્ટ્રેટે કોડીનાર પોલીસની દરખાસ્ત મંજુર કરતા કોડીનાર પોલીસે રમેશ અરજણ ચુડાસમાની પાસા હેઠળ અટકાયત કરી સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલી આપતા તેમજ કોડીનાર પોલિસ દ્વારા બે વર્ષ પછી પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરાતા અન્ય બુટલેગરો અને સામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

એલ.આઈ.સી. ના ડી.ઓ શેખરભાઈ ગઢવીનો જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

એલ.આઈ.સી. ના ડી.ઓ શેખરભાઈ ગઢવીનો આજે જન્મ દિવસ છે. વર્ષ ૨૦૦૮થી ડેવલોપમેન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવી રહયા છે. તેઓએ ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. શેખરભાઈના જન્મદિવસ પર પરિવારજનો, સગા - સ્નેહીઓ, મિત્ર વર્તુળ દ્વારા તેમને મો.નં ૯૪૨૯૮૦૦૫૨૪ પર શુભેચ્છા પાઠવી રહયા છે.શેખરભાઈ ગઢવીના જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી શુભકામનાઓ...(૧.૪)

આવતીકાલે નાગરિક પુરવઠામંત્રી જયેશ રાદડીયાનો જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજ્યના નાગારિક પુરવઠા તથા કુટીરવિભાગના મંત્રી રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન જયેશભાઈ રાદડીયા આવતીકાલે રવિવારે જન્મદિવસ છે. તેઓએ ૩૭ વર્ષ પૂર્ણ કરી ૪૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આવતીકાલે મંત્રી જયેશભાઈનો જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી હાર્દિક શુભકામનાઓ...(૧.૫)

હૈદરાબાદની સરોજિની નાયડુ વનિતા મહાવિદ્યાલય ખાતે

ગૌ આધારિત અર્થવ્યવસ્થાને વેગ આપવા આવતીકાલે વેબીનાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૯

ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ અને સરોજિની નાયડુ વનિતા મહાવિદ્યાલય કોલેજ, હૈદ્રાબાદનાં સહિયારા પ્રયાસથી આવતીકાલે હૈદ્રાબાદના જીયાગુડા ગૌશાળા ખાતે સવારના ૫ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી સરોજિની નાયડુ વનિતા મહાવિદ્યાલય કોલેજના ૧૦૦ સ્વયંસેવકો દ્વારા ૧,૦૦,૦૦૦ ગોબ્બેમ્લુ(ગોબર કેક) બનાવવામાં આવશે. આ કાર્યક્રમ ધ ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. તેમજ સમગ્ર ભારતમાં ગોબ્બેમલુ(ગોબરકેક) કેવી રીતે બનાવી શકાય તે માટે આવતીકાલે સવારનાં ૧૧ થી ૧૨:૩૦ ટ્રેનર સી.એચ. પદ્મા દ્વારા ગૂગલ મિટ લિંક https://meet.google.com/scq-fzqu-usa નાં માધ્યમ દ્વારા શીખી શકાશે. આ વેબિનારને રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં ફેસબુક પેજ https://facebook.com/RKamdhenuAayog પર પણ ઓનલાઈન નીહાળી શકાશે. સમગ્ર વેબીનારનું સંચાલન અમિતાભ ભટ્ટનાગર દ્વારા કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગૌ આધારીત અર્થવ્યવસ્થાને વેગ આપવા તેમજ પંચગવ્ય ઉત્પાદનોને પ્રોસાહન આપવાનું છે. ખેડુતોની આવકમાં વધારો કરીને સૌને આત્મનિર્ભર બનાવી શકાય છે. સમગ્ર આયોજન અંગે રાષ્ટ્રીય કામધેનું આયોગના અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરીયાનું માર્ગદર્શન મળી રહ્યું છે.(૧૨.૧)

૧૦ લાખ ગોબર કેક બનાવી ગીનીસ બુકમાં સ્થાન મેળવવા પ્રયાસ કરાશે

હરાજીમાં સમયસર રકમ ન ભરનારની ડીપોઝીટ જપ્ત કરવાના બેંક હુકમ સામે સ્ટે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૧૯

બેંક ઓફ બરોડાએ રાજકોટનની ફેક્ટરી બિલ્ડીંગ સીક્યુરાઈઝેશન એક્ટ હેઠળ જાહેર હરરાજીથી વેંચાણ કરવા માટેની અખબારી માધ્યમો દ્વારા જાહેર પ્રસિધ્ધી થતા રાજકોટના પ્રશાંત હિમતભાઈ પંચાસરાએ હરરાજીમાં ભાગ લઈ સૌથી ઉંચી બોલી બોલતા તેમની બોલી બેંક ઓફ બરોડાએ માન્ય રાખી વેંચાણ આપેલ.ખરીદેલ મિલકતના વેંચાણની કિંમત/અવેજ પૈકી નિયમ મુજબ પાર્ટ પેમેન્ટ બેંકને કરી અપેલ હતું. અવેજની ચૂકતે રકમ ભરવાની થાય તે પહેલા -૧૯(કોરોના)ની રાષ્ટ્રીય મહામારી અન્વયે લોકડાઉન સહિતના પ્રતિબંધો સરકાર તરફથી લગાડવામાં આવતા બાકીનો અવેજ સમયસર ચૂકવી શકવામાં મિલકત ખરીદનાર પ્રશાંત પંચાસર સમર્થ રહ્યા હતા.અહિયા મુખ્ય વિવાદ એ બાબતનો હતો કે કાયદાના પ્રબંધો અનુસાર ૯૦-દિવસમાં ચૂકતે રકમ ભરપાઈ ન થાય તો ભરેલ અવેજની રકમ ફોરફીટ થાય તેમ હતી. તેની સામે નેશનલ કલેમીટી અન્વયે કાયદાકીય પ્રાવધાન કે કરારો કોઈપણ સંજોગોમાં અમલવારી કરવાની અશક્ય બને તો તેટલા હિસ્સા પુરતા કરાર કે કાયદાને અવગણીને વાસ્તવિક પરિસ્થિતિ ઉપર ન્યાય થવો અનિવાર્ય બની જાય છે તેમ હાઈકોર્ટના એડવોકેટ રવી ગોગિયા, આનંદ ગોગિયા અને મુસ્કાન ગોગીયાએ અસરકારક દલીલો સાથે વિવિધ ચૂકાદો કોર્ટ સમક્ષ રજુ કરતા ડી.આર.ટી., એ અવેજને શેષ રકમ ભરવા માટે સમય લંબાવી આપવાનો હુકમ કરેલ. આ હુકમનું મહત્વ એટલા માટે વધી જાય છે કે નેશનલ કલેમીટી(રાષ્ટ્રીય આપદા) ઈઘટંઈઉ-૧૯ મહામારીનાં અસરગ્રસ્તો અનિવાર્ય સંજોગોમાં કરાર કે સંડર્ભિત કાયદાનું પાલન કરવામાં અસમર્થ રહે તો તેટલો પુરતો કરાર કે કાયદો અવગણીને વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાને લઈ મહામારીના અસરગ્રસ્તોને ન્યાય મળી શકશે. આ કામમા પ્રશાંત પંચાસરા વતી એડવોકેટ રવી ગોગિયા, આનંદ ગોગિયા અને મુસ્કાન ગોગીયા રોકાયેલ હતા.(૩.૮)

બીઓબીની હરાજીમાં મિલકત ખરીદનાર લોક્ડાઉનના કારણે રકમ ચુકવવામાં અસમર્થ રહેલ

બુટલેગરો ભાગવામાં સફળ

અમદાવાદના સરદારનગરમાંથી ૫૯૬ બોટલ દારૂ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ તા. ૧૯

૩૧ ડિસેમ્બર નજીક આવી રહી છે ત્યારે રાજ્યભરમાં રાત્રી કર્ફ્યુનો અમલ થઇ રહ્યો છે ત્યારે બુટલેગરો કરફ્યુની અમલવારી વચ્ચે પણ દારૂ ઘુસાડી રહયાં છે. પીસીબીએ શહેરના સરદારનગર ખાતે રેઇડ કરી ૫૯૬ બોટલ વિદેશી દારૂ ઝડપી પડ્યો હતો પોલીસની રેડ દરમ્યાન ત્યાંથી બુટલેગરો ફરાર થવામાં સફળ થયા હતાં.અમદાવાદ પીસીબીએ બાતમીના આધારે કુબેરનગર રેલવે ફાટક પાસેથી ૭૨ હજારની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. જેમાં ૫૯૬ દારૂની બોટલ સહિત ત્રણ વાહનો કબજે કરી દારૂ સપ્લાય કરનાર કુખ્યાત બુટલેગર રાજુ ગેંડી તેમજ સાવન ઠાકોર, શ્રવણ બલિયો સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, કુખ્યાત રાજુ ગેંડી અને શ્રવણ બલિયો બન્ને અનેક ગુનામાં વોન્ટેડ છે જે પોલીસ હાથે ઝડપાતા નથી પરંતુ બને બેઠા બેઠા દારૂનું નેટવર્ક ચલાવી રહ્યા છે. જો કે ૩૧ ડિસેમ્બર આવતા જ બુટલેગર પણ સક્રિય થઈ દારૂનો જથ્થો મગાવી રહ્યા છે.શહેરમાં ૩૧ ડિસેમ્બર પહેલા મોટા પ્રમાણમાં દારૂ ઘુસાડવા નાના મોટા બુટલેગરો સક્રિય થયા છે ત્યારે પોલીસ કોઈ પણ સંજોગોમાં દારૂની બદીને નાથવા સક્રિય થઇ છે. ખાસ કરીને પૂર્વ અમદાવાદમાં મોટા પ્રમાણમાં દારૂની સપ્લાય થાય છે ત્યારે પોલીસની અલગ અલગ ટીમો દરરોજ રેઇડ કરી રહી છે આમ ૩૧ ડિસેમ્બરે શહેરમાં પોલીસ કોઈપણ રીતના દારૂની સપ્લાય રોકવા માંગે છે.(૧૩.૧૨)

ચોટીલાના ધાંધલપુરમાં યોજાયો નિઃશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

આયુષ્માન આધાર અંતર્ગત ૨૪૦ દર્દીઓએ લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ધાંધલપુર તા. ૧૯

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ અને વાય. ફોર. ડી. ફાઉન્ડેશન દ્વારા આયુષ્યમાન આધાર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય ના અલગ અલગ જિલ્લામાં આ પ્રોજેકટ એસ.પી. સેવા સંસ્થાન(રાજસ્થાન) દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ કરવામાં આવી રહ્યા છે. ધાંધલપુર માં રામ-રહીમ ફાઉન્ડેશન ના સહયોગ થી ધાંધલપુર તથા આસ પાસના ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારો ને મદદરૂપ થવાના હેતુથી કર્મનિષ્ઠા હોસ્પિટલમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ૯ વાગ્યે ધાંધલપુર ગ્રામ પંચાયત ના સભ્યો તથા ગામ ના આગેવાનો ની હાજરી માં ડો. અક્ષયસિંહ જાદવ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કેમ્પ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સવારે ૯ વાગ્યે ચાલુ થયેલ આ મેડિકલ કેમ્પ માં ૧ વાગ્યા સુધી માં ૨૪૦ દર્દીઓ એ લાભ લીધો હતો. આવેલ તમામ દર્દીઓને ડો. અક્ષયસિંહ જાદવ ડો. વિજય વાણીયા ડો. જયસુખ ડી. સાકરીયા ડો. હાર્દિક એ. પરબ અને ડો. અરવિંદ ડાભી દ્વારા તપાસીને વા, સંધિવા, ગાંઠીયો વા, કમર, ખંભા, ગોઠણ, ચામડીના રોગ, કબજિયાત, ગેસ, એસીડીટી, ડાયાબિટીસ, સંધિવા, પક્ષઘાત, બ્લડ પ્રેશર(BP), ગેસ, એસીડીટી, સ્ત્રી રોગ, હરસ, મસા, બાળકો ના રોગો જેવા કે આંખ, કાન, નાક, દાંત તથા ગળાના રોગ જેવા રોગો ના દર્દીઓને સારવાર કરી નિશુલ્ક દવા આપવામાં આવી હતી. આ તકે કર્મનિષ્ઠા હોસ્પિટલ તથા વિદ્યાલય ના ટ્રસ્ટી પ્રેમજીભાઈ જમોડ, અન્નક્ષેત્રના ઘનશ્યામભાઈ દરજી, બુધાભાઈ પ્રજાપતિ, કિશોરભાઈ રાજગોર, વિષ્ણુભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં આવતા તમામ દર્દીઓને સેનિટાઇઝ કરીને થર્મોમીટર દ્વારા ટેમ્પરેચર ચેક તથા ઑક્સિ મીટર દ્વારા ઓક્સિજન લેવલ ચેક કરીને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ કોરોના મહામારી ને ધ્યાન માં રાખીને કેમ્પમાં આવતા તમામ લોકોને વોશેબલ માસ્ક આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રામ રહીમ ફાઉન્ડેશનના પ્રમુખ મોહસીનખાન પઠાણ, વિજયભાઈ ચાવડા,વિરમભાઈ ડાંગર, પાયલબેન મોરી, જ્યોતિબેન સીતાપરા, રવિભાઈ ચાવડા, શનીભાઈ વાળોદરા, રોનકભાઈ બોડાણા તથા કર્મનિષ્ઠા હોસ્પિટલના લાલભાઈ ખાંભલા, રવિભાઈ ઝાંપડીયા, સહિત ના લોકોએ જહેમત ઉઠાવી હતી.(૩.૨)

માસ્ક, સેનીટાઈઝર, પીપીઈ કિટ સૌ પ્રથમ વિતરણ કરેલા

કોરોના મહામારીમાં અફલાતુન કામગીરી કરતા મોટામવાના સરપંચ વિજય કોરાટનું સન્માન

વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડન દ્વારા સ્ટાર ૨૦૨૦નું ઓનલાઈન સર્ટીફીકેટ એનાયત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૧૯

હાલની નોવેલ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીમાં ગ્રામ્ય કક્ષાએ ઓછામાં ઓછું સંક્રમણ ફેલાય તે અંગે ગ્રામ પંચાયતોની અહમ ભૂમિકા રહેલ છે.

આવા જ એક વ્યક્તિવિશેષ આગેવાન એટલે મોટા મોવા ગ્રામ પંચાયતના તત્કાલીન સરપંચ અને રાજકોટ જિલ્લા સરપંચ એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ કોરાટ દ્વારા દિવસ-રાત જોયા વગર પોતાના સ્વાર્થની ચિંતા કર્યા વગર જનજાગૃતિ લાવવાથી માંડી સેનેટાઈઝર, માસ્ક વિતરણ, દવા છંટકાવ, ફોગિંગ, કોરોનટાઇન, લોકડાઉન પાલન, પીપીઈ કીટ ઈસ્યુ કરનાર ગુજરાતની પ્રથમ ગ્રામ પંચાયતની સાથો સાથ વિજયભાઈ કોરાટ અને તેમની ટીમ દ્વારા જાતે રસોઈ તૈયાર કરી એક હજારથી વધુ જરૂરિયાતમંદ લોકોને દરરોજ જમાડવાનું ભગીરથ કાર્ય કરેલ.

મહામારીમાં જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા અને લોકોમાં જાગૃતિ આવે તેવા આ કાર્યોની નોંધ વર્લ્ડ રેકોર્ડ પબ્લિશિંગ કંપની લંડનના પ્રમુખ સંતોષભાઈ શુક્લા દ્વારા લેવામાં આવી અને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ લંડનના ગુજરાતના સચિવ હરસુખભાઈ સોજીત્રા દ્વારા સ્ટાર ૨૦૨૦ ઓનલાઇન સર્ટીફીકેટ આપી વિજયભાઈ કોરાટને સન્માનિત કરવામાં આવ્યા તે બદલ વર્લ્ડ રેકોર્ડ પબ્લિશિંગ કંપની લંડન અને ગુજરાતના સચિવનો ખૂબ જ આભાર વ્યકત કર્યો હતો.(૩.૯)

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

કુવાડવારોડ પોલીસ સ્ટેશનની ઘટના

બોગસ તબીબની ડી-સ્ટાફ ત્રિપુટીએ ટ્રીટમેન્ટ કરી: સેવાશુલ્ક ૨.૨૦ લાખ?

જીઆઈડીસીમાં દારૂને પાયલોટીંગ કરનાર ત્રિપુટીનું વધુ એક કારનામું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો ડી-સ્ટાફની ત્રિપુટીએ ફરી એક વખત મોટી કામગીરી કર્યાની વિવાદાસ્પદ વિગતો સોપડી છે.ડી સ્ટાફના ત્રણ કોન્સટેબલ અગાઉ કુવાડવા જીઆઈડીસીમાં પકડાયેલા દારૂના જથ્થામાં પાયલોટીંગ કરતાં શંકાસ્પદ ભૂમિકામાં નજરે પડયા હતા. આ ઘટનાના અનુસંધાને આ ત્રણેય મૂર્તિઓ સામે કોઈ શિક્ષાકત્મ કાર્યવાહી થાય તે પહેલા આ ત્રિપુટી અને તેના મુખ્યાએ એક બોગસ ડોકટરની ટ્રીટમેન્ટ કરી તેની પાસેથી મોટી રકમ વસૂલ્યાની ચર્ચાસ્પદ વિગતો બહાર આવી છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના તાળા હેઠળ ગુરૂકૃપા નામે કલીનીકલ હોસ્પિટલ ચલાવતો એક બોગસ ડોકટર ડી-સ્ટાફની ત્રિપુટીની નજરે ચડી ગયો. ધાર્યા શિકાર પાડવાની મહારત ધરાવતી આ ત્રિપુટી ગત તા.૧૭/૧૨ ના સાંજે આ બોગસ ડોકટરને તેની કલીનીક પરથી દબોચી લીધો હતો.

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનને તેની લઈ આવ્યા અને આ બોગસની ટ્રીટમેન્ટ આ ત્રિપુટી ચાલુ કરી દીધી હતી.સમગ્ર કામગીરીમાં મુખીયાની મૂક સંમીત હતી. બોગસ ડોકટરને આ ત્રિપુટી અવનવી જાતની ટેબલેટો ખવડાવી હતી.બોગસ ડોકટર કડવી ટીકડીઓનો સ્વાદ ચાખી લીધો હતો તેના માટે આ ટ્રીટમેન્ટ અસશય હતી.

આખી ઘટના બન્યા પછી વાત આવી માડવાળની ત્રિપુટીએ રૂપિયા પાંચ લાખની માગણી કરી હતી તેઓની આ પાંચ લાખ રૂપિયાની માગણી સાંભળીને બોગસ ડોકટરને ટાંઢનું લખલખુ આવી ગયુ હતું. પરંતુ આ બોગસ ડોકટર પાસે સેટલમેન્ટ કરવા સિવાય કોઈ વિકલ્પ ન હોતો. છેલ્લે આ ત્રિપુટી રૂપિયા ૨ લાખ અને ૨૦ હજારમાં બોગસ ડોકટરને જવાદીધો હતો.

તા.૧૭/૧૨ના સાંજે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સીસીટીવી ફુટેજ સમગ્ર ઘટનાના ગવાહ છે. બે ત્રણ કલાક ડી.સ્ટાફના રૂમની હવા ખાઈને બોગસ ડોકટર-ડી સ્ટાફનેસેવા શુલ્ક ચૂકવીને છનન-થયો હતો. કુવાડવા જીઆઈડી સીમાં પકડાયેલા દારૂનો અને પ્રોટકશન કરતી હોવાની વિગતો અગાઉ બહાર આવી હતી.અને ક્રાંઈમ બ્રાંચની ટીમે આ અંગે ઉચ્ચ અધિકારીઓને જાણકરી હતી તેમની સામે કોઈ પગલા લેવાઈ તે પહેલા તેમણે વધુ એક શિકારને પાડી દીધો હતો.

એનીમલ હેલ્પલાઈન દ્વારા સમગ્ર દેશમાં પશુ-પક્ષી માટે નિઃશૂલ્ક એમ્બ્યુલન્સ સેવા અંગે આજે વેબિનાર

દેશભરના જીવદયાપ્રેમીઓને ઓનલાઈન જોડાવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

ભારતના બધા જ રાજયોમાં પશુ-પક્ષીઓ માટેનિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર એમ્બ્યુલન્સ શરૂ કરવા માટે રાષ્ટ્રીય એનીમલ હેલ્પલાઈન દ્વારા રાષ્ટ્રીય વેબીનાર ભારતના બધાજ રાજયોમાં પશુ-પક્ષીઓ માટે નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર એમ્બ્યુલન્સ શરૂ કરવા માટે એનીમલ હેલ્પલાઈન દ્વારા રાષ્ટ્રીય વેબીનારનું આયોજન આજે સાંજે ૫ કલાકે કરવામાં આવ્યું છે. જેનો ઉદેશ્ય સમગ્ર ભારતના કરોડો પશુ-પક્ષીઓના જીવ બચાવવાનો છે. આ વીડીયો મીટીંગમાં સમગ્ર ભારત દેશમાંથી વધુને વધુ લોકો જોડાય તેવી અપીલ કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન દ્વારા કરવામાં આવી છે.

આ વીડીયો મીટીંગમાં જોડાવવા માટે ગુગલ મીટ લીંક https://meet.google.com/qid-gini-અને ફેસબુક પેજ https://www.facebook.com/animalhelplinekarunafoundation પર જીવંત નિહાળી શકાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનના પ્રતીક સંઘાણી, ગૌરાંગ રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ તથા એનીમલ હેલ્પલાઈનની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.(૩.૧)

કુવાડવા રોડ પર આઈ.ઓ.સી.ના પ્લાનમાં આંતકવાદી ઘુસ્યો: મોકડ્રીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯: કુવાડવા રોડ ખાતે આવેલ આઈ.ઓ.સી.બોટલીંગ પ્લાનના સેફટી ઓફીસર અભીષેક રાવત પોલીસ કંટ્રોલ રૂમને ટેલીફોનથી જાણ કરેલ કે આઈ.ઓ.સી બોટલીંગ પ્લાનમાં એક ઈસમ શંકાસ્પદ બેગ સાથે ઘુસી ગયેલ છે. તેવી જાણ કરતા તાત્કાલીક કંટ્રોલ રૂમ તરફથી નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૧ પ્રવિણકુમાર ના સુપરવિઝન તથા ઉતર વિભાગના એ.સી.પી.એસ.આર.ટંડેલ માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટેશન કુવાડવા રોડ પોલીસ સ્ટેશન પો.ઈન્સ.એમ.સી.વાળા સા.તથા સ્ટાફ તથા ક્યુ.આર.ટી પોસઈ ઝાલા તથા તેઓની ટીમ બોમ્બ ડીસ્પોઝલ પોસઈ રબારી તથા તેઓની ટીમ ડોય સ્કોડ તથા ડી.સી.બી.પો.સ્ટે.ના પો.સ.ઈ.જોગરાણા તથા એસ.ઓ.જી.ના પો.ઈન્સ.આર.વાય.રાવલ તથા કર્મચારીઓ કોલ મળ્યાના ૧૦ મિનિટથી સુધીમાં આઈ.ઓ.સી.કુવાડવા રોડ બોટલીંગ પ્લાન ખાતે પહોંચીને પોતપોતાની પોઝીશન લઈ ઝડપથી કામગીરીમાં જોડાઈ ગયેલ હતા. બાદમાં બોટલીંગ પ્લાન્ટ ખાતેથી શંકાસ્પદ ઈસમ તથા સંકાસ્પદ બેગ મળી આવતા શંકાસ્પદ ઈસમને બેસાડી દઈ અને બેગને બોમ્બ સ્કોડ દ્વારા ડીફ્યુઝ કરવામા આવેલ ત્યાર બાદ સદરહુ બનાવ મોકડ્રીલ હોવાનુ જાહેર કરવામાં આવેલ હતું. મોકડ્રીલ દરમ્યાન રાજકોટ શહેર પોલીસ ની જુદી-જુદી શાખા તથા પોસ્ટેના અધિકારીઓ તથા કર્મચારીઓ તાત્કાલીક બનાવ સ્થળે પહોચી, કાર્યવાહી કરેલ હતી.

ચેકીંગથી બચવા ઘરોને તાળા મારતા લોકો

કોડીનાર પંથકમાં વહેલી સવારથી વિજ વિભાગના દરોડા

(અમારા પ્રતિનિધિ દ્વારા) કોડીનાર,તા.૧૯

કોડીનાર પંથકમાં વહેલી સવારની વિજ ચેકીંગના દરોડા પડતા વિજ ચોરો મકાનને તાળા મારીને વિજ ચોરીના બિલથી બચવા માટે ભાગી ગયા હતા. કોડીનાર એક અને બે નિચે આવતા સમગ્ર કોડીનાર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો જેવા કે દેવળી પીપળી, વોરણ, કાજ, આણદર, મોરવડ, વિગેરે ગામોમાં વિજાલીયન્સ ની ૩૦ ગાડીઓ એ સમગ્ર કોડીનાર તાલુકાને ધમરોવ્યો હતો.કોડીનાર પી.જી.વી.સી.એલ.નો એચપી

દેવળી, પીપળી, કાજ સહિતના ગામોમાં ૧૦ થી ૧૨ લાખની વિજચોરીની શક્યતા

પરમાર માહિતી આપતા જણાવેલ કે ૯૦ જેટલા કન્કેશનોનાં વિજચોરી પકડાઈ છે અને અંદાજે રૂ. ૧૦ થી ૨૦ લાખ જેટલી વિજ ચોરી ઝડપાવાનો અંદાજ છે કોરોના પછી લાંબા સમયે વિજ ટુકડી ત્રાટકતા મોટા પ્રમાણમાં વિજચોરી પકડાવાની શક્યતા છે.(૧૨.૩)

રાજકોટના મૂક-બધિરનો સાદ સુણતો બ્રહ્મ પરિવાર : માનવતાની મિશાલ

મા-બાપ વિહોણા દિવ્યાંગની પેન્શન મંજુર કરાવ્યું: દવે પરિવારને દીલેરીને સત્ સત્ સલામ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૧૯

શહેરમાં રહેતા ઓસમાણભાઈ હમીરભાઈ દલપોત્રા જેઓ હોમ ગાર્ડ કચેરી, રાજકોટમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા હતા. તેઓનું તા.૨૪-૪ તથા તેમના પત્ની ઝુબેદાબેનનું તા.૧૫-૭ ના રોજ અવસાન થયેલ. તેઓના મુક બધીર સંતાન રાજા ઓસમાણભાઈ દલપોત્રાને ફેમિલી પેન્શન મેળવવા માટે હકદાર હતા. રાજકોટના સુનીલ દવે, કૌશિક દવે તથા મનોજ દવે છેલ્લા ૩-૪ માસથી ઓસમાણભાઈ દલપોત્રાને તેઓનું મુક-બધિર ફેમીલે પેન્શન મળે તે માટે પ્રયત્ન કરતા હતા. ગત તા.૨૪-૧૧ ના રોજ ગાંધીનગરથી તેઓના પેન્શન પેમેન્ટ ઓડર્ર આવી ગયેલ છે. આ માટે ગાંધીનગરનાં અધિકારી કડીવાલ, ભરત પંડ્યા, ભુજના અધિકારી ગાંધી તથા રાજકોટનાં અધિકારી, વી.વી.ગઠવી પેન્શન અધિકારી તથા નરેન્દ્રભાઈ વિઠલાણી અધિકારી, પેન્શન પેમેન્ટ ઓફીસ, રાજકોટ.

રાજા દલપોત્રાનાં પેન્શન પેપરમાં ઘણી મદદ કરેલ. રજા ઓસમાણભાઈ દલપોત્રાએ આભાર માન્યો હતો.(૧.૯)

ચાવંડ નજીક દારૂ ભરેલ ટ્રક અને પાયલોટીંગ કાર ઝડપાયી

પોલીસે કુલ રૂ.૧૧.૪૦ ના મુદ્દામાલ સાથે ૩ની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ દ્વારા) અમરેલી, તા.૧૯

અમરેલી પોલીસ અધિક્ષક નિર્લિમ રાયનાં માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કરમટા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર પી.એન. મોરી તથા એલસીબી ટીમ દ્વારા નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોકકસ બાતમી આધારે વોચ ગોઠવી ગુજરાત રાજય બહારથી આયાત કરી, વેચાણ કરવાનાં હેતુથી ભારતીય બનાવટના વિદેશી દારૂના મોટા જથ્થાની હેરા-ફેરી કરતા ટ્રક તથા તેનું પાઈલોટીંગ કરી રહેલ કારને પકડી પાડવામાં આવેલ છે. એક ટ્રક નંબર જી.જે. ૧૨-વાય ૮૨૯૪ છે તેમાં ગેરકાયદેસર, પાસ પરમીટ વગરનો, ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ છે તે ટ્રક ઢસા તરફથી આવે છે અને બાબરા તરફ જવાનો છે અને આ ટ્રક ચાવંડ મુકામેથી પસાર થવાનો છે તથા આ ટ્રકનું પાઈલોટીંગ સ્કોડા કંપનીની ફોર વ્હીલ કાર કરે છે. જેના નંબર જી.જે. ૨૧-એએ ૭૫૧૭ છે. તેવી ચોકકસ બાતમી મળેલ હોય જે ચોકકસ બાતમી આધારે લાઠી તાલુકાનાં ચાવંડ ગામે પોલીસ ચોકી પાસે વોચ ગોઠવી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ ટ્રક તથા તેનું પાઈલોટીંગ કરી રહેલ કાર સાથે પ્રદિપભાઈ નાનજીભાઈ વઘાસીયા રહે. મુળ આંકડીયા હાલ સુરત, કામરેજ તેમજ સુરપાલસિંહ ઉર્ફે લાલો સજુભા ગોહિલ ધંધો ડ્રાઈવીંગ, રહે. મુળ ભીકડા (તા. ઘોઘા, જિ. ભાવનગર) હાલ રહે. સુરત, કડોદરા, ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ ખીચડીયા મુંબઈવાળાની પોલીસે શોધખોળ આદરી છે.(૩.૧૫)

રાજકોટ એરપોર્ટ સલાહકાર સમિટીની બેઠક યોજાઈ

રાજકોટથી પાર્સલ મોકલી શકાય તેવી એર કાર્ગો સર્વિસ શરૂ કરો

રાજકોટથી મુંબઈ, દિલ્હી, બેંગ્લોર ડેઈલી ફલાઈટ શરૂ કરવા વી.પી. વૈષ્ણવની રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

બેઠકમાં સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા તથા નવ નિયુક્ત એરપોર્ટ ડાયરેકટ દિગંત બોરાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતી. રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહી એરલાઈન્સને લગતા વિવિધ મુદ્દાસર પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને રાજકોટMSME નું હબ હોય તથા તમામ ઔદ્યોગિક, વાણિજ્યિક, ખેત વિષયક તથા સેવા પ્રદાન ક્ષેત્રે અગ્રેસરની ભુમિકા ભજવે છે. રાજકોટ-સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને પાર્સલ વાયા અમદાવાદથી મોકલવું પડે છે જેથી ડાયરેકટ રાજકોટ થી જ પાર્સલ મોકલી શકાય તે માટે તાત્કાલીક એર કાર્ગો સર્વિસ પણ શરૂ કરવી. રાજકોટ એરપોર્ટના રન-વેની લંબાઈ વધી ગયેલ છે અને રાત્રી પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ થઈ ગયેલ છે ત્યારે રાજકોટ-મુંબઈ, રાજકોટ-દિલ્હી તથા રાજકોટ-બેંગ્લોરમાટે ઈન્ડીગો એરલાઈન્સની ડેઈલી ફલાઈટ વહેલી તકે શરૂ કરવા ભારપુર્વક રજુઆત કરાયેલ.

તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના લોકો આસ્થાના પ્રતિક સમાન નાથદ્વારા ધામે અવાર-નવાર જતા હોવાથી રાજકોટ-દિલ્હી વાયા ઉદયપુર તથા રાજકોટ-બેંગ્લોર વાયા મુબંઈ માટે પણ ડેઈલી ફલાઈટ શરૂ કરવા જણાવેલ. આમ રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને આવનારા સમયમાં વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તેવા પ્રયાસ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મિટીંગમાં રજુઆત કરવામાં આવેલ હતી.(૧.૧૧)

પ્રદેશ મહિલા પ્રમુખ ગાયત્રીબાના અધ્યક્ષસ્થાને

સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે આવતીકાલે મહિલા કોંગ્રેસની બેઠક

સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનની મહિલા કાર્યકરો-હોદ્દેદારોને ટ્રેનીંગ આપવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલાની સૂચના અનુસાર આગામી મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી અંતેગત આવતીકાલે સૌરાષ્ટ્ર/ કચ્છ ઝોનની મિટિંગ અને ટ્રેનિંગનું આયોજન કરેલ છે.

આ મિટિંગમાં AICC ના મહામંત્રી અને ગુજરાતમહિલા કોંગ્રેસ પ્રભારી શોભનાબેન.શાહ.,AICC ના મંત્રી અને મહારાષ્ટ્ર નાં પ્રભારી સોનલબેન પટેલ,AICC ના નેશનલ કોઓર્ડિનેટ્ર, લીગલ સેલ ઇન્ચાર્જ સૌરાષ્ટ્રનાં પ્રભારી સુશીબેન શાહ, ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, મહિલા કોંગ્રેસ કોઓડિનેટર વિજ્ઞાત્રિબેન પટેલ, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ અલ્પનાબેન.ખાટરિયા હાજર રહી માગેદશેન આપશે.તથા ટ્રેનિંગ ઇન્ચાર્જ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના પ્રવક્તા ઋત્વિક ભાઈ જોષી અને રાજીવ ગાંધી પંચાયતી રાજ નાં ચેરપસન રજનીકાન્તભાઈ ઉપસ્થિત રહી ટ્રેનિંગ આપશે.

સવારે ૧૧ વાગ્યે મહાનગરપાલિકા રાજકોટ, ભાવનગર, જામનગર અને બપોરે ૨ વાગ્યે સૌરાષ્ટ્ર કચ્છ ઝોન નાં તમામ જિલ્લા કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, જામનગર અને રાજકોટ શહેરની નાગર બોર્ડિંગ, ટાગોર રોડ, હેમુ ગઢવી હોલ થી આગળ, વિરાણી હાઈસ્કૂલ સામે, રાજકોટ ખાતે યોજવામાં આવશે.

આ મિટિંગનમાં મહિલા કોંગ્રેસ, તાલુકા પ્રમુખ મહિલા કોંગ્રેસ, જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ અથવા જિલ્લા પંચાયત પક્ષ ના નેતા, જિલ્લા અને તાલુકા પંચાયત મા ચૂંટાયેલી અને આગામી ચૂંટણી લડવા ઈચ્છુક બહેનો જિલ્લા પ્રભારી, જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ વિધાનસભા પ્રભારીઓને હાજર રહેવર ઉપ પ્રમુખ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ કલ્પનાબેન જોશીની યાદીમાં જણાવાયું છે.(૩.૧૯)

(અનુ.છેદ્વા પાનાનુ ચાલુ)

રાજકોટ સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીઓમાં પરિવર્તનનો સંદેશો આપશે?

સતત એક જ પક્ષને સત્તા આપતા રહેવાથી સ્થાનિક કક્ષાએ મોટું સ્થાપિક હિત સર્જાય જવાનો ડર રહે છે. એવું રાજકીય નિરિક્ષકો કહે છે. જો વિરોધ પક્ષ નબળો રહે તો અથવા તો તેનો સતત અવાજ રૂંધવામાં આવતો રહે તો એ લોકશાહી પ્રક્રિયા માટે ઘાતક છે. અને સ્થાનિક સ્વરાજ સંસ્થાની તદુરસ્તી માટે પણ નુકશાન કારક બની શકે છે. આવા ભય સ્થાનોથી બચવા માટે એ જરૂરી છે કે સ્થાનિક મતદારો સ્થાનિક પ્રશ્નો વિશે અવલોકણ કરીને પોતાનો નિભેર અને તતસ્ટ ફેંસલો આપે આવું કરવાથી સત્તા પક્ષ અને વિપક્ષ બન્ને પ્રજાના મિજાજને કારણે સાવધ અને સર્તક રહેશે. અને સ્થાનિક સ્વરાજ સંસ્થાનો વહીવટ પારદર્શક, લોકશાહી અને પ્રજા લક્ષી બની રહેશે. આગામી ચૂંટણીઓમાં રાજકોટ કઇ દિશા પસંદ કરે છે. અને પુનરાવર્તન કરે છે કે પરિવર્તન લાવે છે. એ જોવાનું ખુબ રસપ્રદ બની રહેશે.

રાજકોટમાં મકરસંક્રાતની મોજનો દોર કાપતો કોરોના, નિયંત્રણો જાહેર

ખાસ કરીને ટેલીફોન વિજળીના થાંભલા કે વાયર પર લંગર નાખી નહીં શકાય. જાહેરમાં ગોપાલકો દ્વારા ઘાસચારાનું વેંચાણ કરવા પર અને જાહેરમાં ખરીદી કરવા પર અને જાહેરમા ગાય કે પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીકમાં અવરોધ નાખવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. એજ રીતે ચાઈનીઝ દોરા-તુક્કલ, લોંચર, ચાઈનીઝ લેન્ટર્નરના જથ્થાબંધ વેપાર, આયાત, વેંચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામુ તા.૧૮ ડિસેમ્બરથી લાગુ થઇ ગયું છે અને ૧૬ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે.

શું કરવું-ન કરવું અમને ન શીખડાવો....

તેમ રાજકોટ સુધી કાંઈ બોલ્યા ન હતા. વધુમાં જાણવા મળ્યું છે કે, ટમકુ મુકનાર નેતા શહેર કોંગ્રેસ દ્વારા ચૂંટણીલક્ષી બેઠકમાં હાજરી જોવા મળતી નથી. રિસાઈ ગયેલા નેતા મીટીંગમાં કેમ હાજર નથી તે કોઈ નોંધ લેતું નથી. મહાનગરપાલિકાની ચૂંટણીમાં કેવા ઉબાડીયા ઉભા કરે છે તે આવનારા દિવસોમા ખબર પડશે! ચૂંટણી દરમિયાન ઉબાડીયા ઉભા કરનાર નેતાઓને શહેર કોંગ્રેસનાં હોદ્દેદારો તેની ભાષામાં જવાબ આપવા પણ મક્કમ હિવાનું જણવા મળ્યું છે.

રાજકોટ મનપામાં લગ્ન નોંધણીના વિભાગમાં લાગવગ શાહીને પ્રાધાન્ય

અને સકક્ષમ અધિકારી જે હાજર ન હતા. એમની ચેમ્બરમાં નવા આગંતુકોને લઇ જઇ જરૂરી કાગળો લઇ લીધા હતા. જેનો અરજદારે વીડિયો ઉતરવાનું શરૂ કરતા પટ્ટાવાળાએ રકજક ચાલુ કરી હતી. અને અરજદારનો કાંઠલો પણ પકડી લીધો હતો. ઉપરથી ધમકી આપી હતી કે હું તને વીજીલ્નસમાં પકડાવી દઇશ. અરજદાર સાથે ગેરવર્તન કરી અભ્રદ્ર ભાષાનો ઉપયોગ પણ કરાયો હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોઇ શકાય છે. આ ઘટનાએ સમગ્ર મનપા કચેરીમાં ભારે ચર્ચા જગાવી છે. હવે આ દિશામાં કોઇ તપાસ થાય છે કે કેમ અને વિવાદાસ્પદ વિભાગને સીધો દોર કરવાની હિંમત બતાવવામાં આવે છે કે કેમ એ જોવાનું રહેશે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

અમિત શાહ બંગાળમાં : મમતા મુશકેલીમાં

પક્ષમાં ભારે હલચલ મચી ગઇ છે. ગઇકાલે સુવેન્દુ ચૌધરી બાદ વધુ એક ધારાસભ્યએ ટીએમસી સાથે છેડો ફાડયો છે. પરિણામે મમતા બેનરજી પણ ભારે મુશીબતનો સામનો કરી રહયા છે.

દેશમાં કોરોના સંક્રમીતોનો આંકડો ૧૦૦૦૦૦૦૦

સફળ રહેતા વિશ્વના દેશો આશ્ચર્ય ચકીત થઇ ઉઠયા છે. ૨૦૨૦ના જુલાઇથી ઓકટોબર સુધીમાં દક્ષિણના રાજય અને મહારાષ્ટ્રને કારણે કોરોનાના કેસોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. અને હર્ડ ઇમ્યુરીટીનું સર્જન થઇ શકયું ન હતું. કુલ કેસો પૈકી ૩૭ ટકા જેટલો હિસ્સો દક્ષિણ ભારતના રાજયનો રહયો છે. હવે ત્યા પણ કોરોનાનો સુર્ય અસ્ત થઇ રહયો છે. જે આશા સ્પદ નીશાની છે.

ગુજરાતમાં કોરોના રસી માટે ૧ હજાર કેન્દ્ર તૈયાર

પ્રાથમિકતાના ધોરણે રસીકરણ માટે યાદી તૈયાર કરી દેવામાં આવી છે. અમદાવાદમાં કોરોના કેસોમાં ઝડપથી મોટો ઘટાડો નોંધાતા તંત્ર અને લોકોએ હાશકારો અનુભવ્યો છે. અમદાવાદમાં વેન્ટીલેટર સાથેના ૬૨ ટકા બેડ ખાલી થઇ ગયા છે. અન્ય શહેરોમાં પણ ઝડપથી કેસો ઘટી રહયા છે.

દેવભૂમિ દ્વારકાનું શિવરાજપુર બ્લુ ફ્લેગ બીચ પ્રાકૃતિક સૌંદર્ય અને સમૂદ્રી જીવસૃષ્ટિની ખાણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)ઓખામંડળ એટલે ભગવાન શ્રી કૃષ્ણ-દ્વારકાધીશના પોતાના જ આભામંડળ માંથી રચાયેલો ભૂ મંડળ નો ભાગ. દ્વારકા અને તેની આસપાસના ટાપુઓ અને કિનારાઓ આમ જુઓ તો પ્રાકૃતિક સૌંદર્યની ખાણ જ છે, શિવરાજપુર બીચ કે જેણે બહીય રહફલ બયફભવ નો દરજ્જો પ્રાપ્ત કરેલ છે તેનું કારણ જ સ્વચ્છ નિર્મળ દરિયાનું પાણી, શ્વેત ધવલ બારીક રેતી અને પારદર્શક છિછરો કિનારો ઉપરાંત મધ્યમાં ઊંડાણ ધરાવતો દરિયા કિનારો.સૂર્યોદય અને સૂર્યાસ્તનાં મનોરમ્ય દ્રશ્યો જે કવિઓ, યુગલો, તસ્વીરકારો અને ચિત્રકારો માટે તેમજ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. બ્લુ ફ્લેગ બીચનું બહુમાન મળ્યા પછી શિવરાજપુર બીચ પર તમામ વગેનાં લોકો અને વિદેશીઓ જેની પાછળ દિવાના થયા છે એવી બધી જ વિશેષતા ધરાવે છે. ખાસ કરીને મહિલા સાહસિકો અને સંશોધનકર્તાઓ પણ આ તટીય વિસ્તાર પર આફરીન છે

આજી ચોકડી પાસે પાણી ટ્રાન્સફર કરતી લાઈનમાં મોટુ લિકેજ થતા

વોર્ડ નં.૬માં પાણીના ધાંધિયાથી બહેનો પરેશાન

ગુરૂવારે પાણી વિતરણ બંધ, શુક્રવારે ધીમા ફોર્સથી પાણી વિતરણની ફરિયાદ, ધીમા ફોર્સથી પાણી વિતરણ થતું હોવાની કાયમી પ્રશ્ન ઉકેલાતો નથી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૯

શહેરના આજી ચોકડી પાસે દુધ સાગર પમ્પીંગ સ્ટેશન માટે પાણી ટ્રાન્સફર કરતી લાઈનમાં લિકેજ થતા દૂધ સાગર સ્ટેશનમાં પાણી વિતરણ માટે સ્ટોરેજ નહીં થતા તા.૧૭ને ગુરૂવારે પાણી વિતરણ બંધ રહેતા લોકોમાં દેકારો બોલી યગો હતો.બીજા દિવસે શુક્રવારે ધીમા ફોર્સથી પાણી વિતરણ થતા લોકો વોર્ડ કચેરીએ લોકો દોડી જઈ રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં જાણવા મળ્યું છે કે, ઉનાળામાં પાણીનો વધુ વપરાશ હોવા છતાં ધીમા ફોર્સથી પાણી વિતરણ થતું હોવાની ફરિયાદ અધિકારીઓને કરવા છતાં હજી સુધી કાયમી પ્રશ્ન હલ થતો નથી. ભરશિયાળામાં પણ ઓછા ફોર્સથી પાણી વિતરણ થઈ રહયું છે છતાં જવાબદાર અધિકારીઓ ખોખારોખાઈ જણાવી રહયા છે કે પુરા ફોર્સથી પાણી વિતરણ થઈ રહયું છે.(૧.૧૧)

રાજકોટ પ્રેસ-મીડિયા ફોટોગ્રાફર - કેમેરામેન એસોસીએશનની ચૂંટણી

પ્રમુખ તરીકે અશોક બગથરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ પ્રેસ-મીડિયા ફોટોગ્રાફર અને કેમેરા મેન એસોસીએશનની ચૂંટણીઓ આજે યોજાઇ હતી. જેમા પ્રમુખ તરીકે અશોકભાઇ બગથરીયા, ઉપપ્રમુખ તરીકે દિવ્યરાજભાઇ સરવૈયા, મહામંત્રી તરીકે ભાવિન રાજગોર, મંત્રી તરીકે કિશોરભાઇ વાડોલીયા અને ખજાનચી તરીકે કુલદિપસિંહ જાડેજા બિનહરિફ ચૂંટાઇ આવ્યા હતા. એમના પર રાજકોટની અખબારી આલમ માંથી અભિનંદનનો વરસાદ થઇ રહયો છે.

છુટાછેડા થઈ જતા માનસિક તણાવમાં આવેલી ત્યકતાએ ઘર છોડયુ

અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે દરમ્યાનગીરી કરી પરિવાર સાથે મિલન કરાવ્યુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૯

શહેરના ઢેબર રોડ પરના વિસ્તારમાં રહેતી અને કાલાવડ રોડ પર ઓફિસમાં નોકરી કરતી વિપ્ર મહિલાના છુટાછેડા થઈ ગયા બાદ માનસીક તણાવમાં આવી જઈ ત્પક્તાએ ઘર છોડી દીધા બાદ અભયમ મહિલા હેલ્પલાઈન ૧૮૧ની ટીમ વ્હારે આવી દરમ્યાનગીરી કરી ત્પક્તાને ફરી પરિવાર સાથે મીલન કરાવી ઉમદાકામગીરી કરી છે. ગઈ કાલે બપોરના જાગૃત નાગરીક દ્વારા ૧૮૧માં કોલ આવેલ કે એક મહિલા એક કલાકથી અહીંયા બેઠા છે.

કશું બોલતા નથી તેમજ તેમનું રહેણાંકનું સરનામું પણ આપી શક્તી નથી માટે મદદની જરૂર છે. ત્યારબાદ ૧૮૧ ટીમનાં કાઉન્સેલર તૃપ્તિ પટેલ, જી.આર.ડી.પૂનબેન અને પાયલોટ ભાવિનભાઈ તે સ્થળે પહોચેલ અને જાગૃત નાગરીક સાથે વાતચીત કરેલ તો તેમણે જણાવેલ કે આ બહેન ૧ કલાકથી અહીંયા બેઠાં છે. અને કશું જ બોલતાં નથી.તેમજ માનસિક રીતે અસ્વસ્થ હોય એવું જણાય છે. ત્યાર બાદ ટીમ દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરેલ પરંતુ કોઈ પણ પ્રત્યુતર આપતાં ના હોય તેમજ છેવટે તેમની પાસે એક પર્સ હતું તેમાં ડોક્યુમેન્ટસ વગેરે હતું જેમાં તે મહિલાનું રહેઠાણનું સરનામું હતું.

આ સરનામાં ઉપર આ મહિલાને લઈ જવામાં આવ્યાં અને પહોંચાડવામાં આવેલ. જયાં તેમનાં માતા-પિતાનું ઘર હતું. અને તેમનાં માતા ત્યાં હાજર હોય આથી મહિલાને તેમનાં માતાને સોંપવામા આવેલ ત્યારબાદ મહિલાનાં માતા-પિતાનું કાઉન્સેલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેમની દીકરી લગભગ ૧ વર્ષથી પિયરમાં છે. અને હાલ જ છૂટાછેડાં થયાં છે. અને હાલ તેઓ એક કાલાવડ રોડ ઉપર કંપનીમાં નોકરી કરે છે.તેમની માનશિક સ્થિતી ક્યારેક અસ્વસ્થ થઈ જાય છે. તેમની સારવાર પણ ચાલું છે. પરંતુ ક્યારેક વધું તણાવમાં આવી જતાં હોય તેનાં કારણે તબિયત લથડી જાય છે. માટે ટીમ દ્વારા બહેનના માતા-પિતાને સલાહ આપેલ કે તેઓ બહેનની પૂરી સારવાર કરાવે અને સારા મનોચિકિત્સક ડોકટરની સલાહ લઈ જેના કારણે તેઓ તણાવયુક્ત રહે છે તેનું નિરાકરણ કરાવે જેથી બહેનની તબિયત વધુ બગડી ના જાય અને વધુમાં જણાવેલ કે તેઓ હાલ બહેનની સારવાર અને કાળજીનું ધ્યાન રાખે આમ અભયમ ટીમ દ્વારા મહિલાને તેના પરિવાર સુધી પહોંચાડી સોંપવામાં આવેલ અને સુખદ મિલન કરાવ્યું હતું.

સુરતમાં ચાલુ બાઈકે રાહદારીના મોબાઈલની લૂંટ કરતો શખ્સ ઝડપાયો

ક્રાઈમ બ્રાંચની ટીમે ભીમનગરના મરાઠી શખ્સને દબોચી લઈ રૂ.૬૦૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત તા ૧૯

સુરતના ભીમનગરથી ઉધના મહેન્દ્ર શો રૂમ તરફના રસ્તે ચાલીને જતા રાહદારીના મોબાઈલની લુંટ કરી છરો બતાવી ઝપાઝપી કરનાર બાઈક ચાલકને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ રૂ.૬૦,૧૦૦નો મુદામાલ કબજે કર્યો છે. સુરત શહેરમાં ગુનાઓ શોધી કાઢવા તેમજ આ પ્રકારના ગુનાઓ બનતા અટકાવવા અને આવા ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ઉપર વોચ રાખી પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ.અને તેમની ટીમના માણસો સાથે આરોપીઓની હકીકત મેળવવા અને ગુના શોધી કાઢવા વર્ક-આઉટ દરમ્યાન ડી.સી.બી.પો.સ્ટે.ના પોલીસ માણસોને મળેલ બાતમી હકીકત આધારે વિજય સદુ શિંદે (ઉ.વ.૨૧ રહે.બિલ્ડીંગ નં:-૨૪, રૂમ નં:-૧૫, ભીમનગર એસએમસી આવાસ, ઉધના, સુરત)(મુળવતન:-ચન્ન તા.દોંડાઈચા જી.નંદુરબાર મહારાષ્ટ્ર)વાળાને પકડી પાડી તેમની પાસેથી રેમ્બો છરો ફિ.રૂ.૧૦૦ લુંટ કરેલ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬૦,૧૦૦/-નો મુદામાલ કબ્જે કરેલ છે.

તેમની યુક્તિ-પ્રયુક્તિ પુર્વક પુછપરછ કરતા હકીકત જણાવેલ છે કે, ગઈ તા.૦૮/૧૨/૨૦૨૦ના રોજ આરોપી પોતે તેની બહેનનો છોકરો નરેશ શિદે બે જણા બી.આર.સી.થી કામ પુરૂ કરી શાઈન મો.સો.નં.:-જીજે-ઝીરો ૫-એસ એન-૧૦૧૬ની લઈ ઉધના મહેન્દ્ર શો-રૂમ થી ભીમનગર તરફ જતા રસ્તા ઉપરથી થતા હતા ત્યારે સાંજના આશરે સાડા આઠેક વાગ્યા ના સુમારે તે રસ્તા ઉપર એક માણસ ચાલતો ચાલતો મોબાઈલ ફોન ઉપર વાતચીત કરતો જતો હતો તે માણસ પાસેથી તેનો મોબાઈલ ફોન આરોપીને ઝુંટવી લેતા તે માણસે આરોપીના સર્ટનો કોલર પકડી લેતા આરોપીએ તેની પાસેનું ચપ્પુ કાઢી મજકુર ઈસમને ચપ્પુના ઘા મારી મોબાઈલ ફોન લૂંટી મો.સા.નં:-જીજે-ઝીરો ૫-એસ એન-૧૦૧૬ ઉપર ભાગી ગયેલાની કબુલાત આપતા લુંટનો ગુનો ડીટેકટ કરવામાં આવેલ છે.

વી.વી.પી. દ્વારા ચાર વર્ષમાં દોઢ કરોડથી વધુનુ દાન

પ્રમાણિકતા અને નીતિમતાથી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાએ સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગિતા સાબીત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૯

પ્રામાણિકપણે અને નિતીમતાથી ચાલતી ઉચ્ચ શિક્ષણ સંસ્થા કઈ રીતે સમાજ અને રાષ્ટ્ર માટે લોકોપયોગી બની શકે તેનું તાદશ્ય ઉદાહરણ છે - વી.વી.પી. આ કથનને વધુ ઉજાગર કરતા વી.વી.પી. નાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી લલિતભાઈ મહેતા તથા ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા તથા શ્રી હર્ષલભાઈ મણીઆરે જણાવેલ કે શિક્ષણ હવે જયારે ધંધો બની ગયો છે ત્યારે વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન - વી.વી.પી. સૂકા રણમાં મીઠી વીરડી સમાન છે. વી.વી.પી. નો મૂળમંત્ર છે - પથરાષ્ટ્રાય સ્વાહા ઈદં ન મારું બધુ જ મારા રાષ્ટ્રને અર્પણ. આ મંત્રને વી.વી.પી. એ માત્ર શબ્દોમાં જ નહિ, આચરણમાં પણ આત્મસાત કર્યો છે. વી.વી.પી. એ છેલ્લા ચાર વર્ષોમાં ગુજરાતની વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને રૂપિયા એક કરોડ પચાસ લાખથી વધુ રકમનું દાન કર્યું છે. શિક્ષણ, સેવા, સમાજ,વનવાસી અને પછાત ક્ષેત્રોનાં પુનરુત્થાન અને વિકાસ માટે આટલી માતબર રકમનું દાન આપી વી.વી.પી. એ સમાજ માટે દીવાદાંડીરૂપ નવો રાહ ચીંધ્યો છે. ઉલ્લેખનીય છે કે વી.વી.પી. એ આ દાન સંપૂર્ણપણે પવિત્ર ધનમાંથી કર્યું છે. વી.વી.પી.એ મેનેજમેન્ટ કવોટા કે જેને સમાજ મની કવોટા તરીકે ઓળખે છે તેમાં પણ સરકારે નકકી કરેલ ફી લીધી છે.

વિધાર્થીઓ માટે લેપટોપ સબસીડી, વિવિધ સ્કોલરશીપ, વીમો વગેરે અનેક કલ્યાણકારી યોજનાઓ, કર્મચારીઓ માટે સરકાર કરતાં પહેલા છઠ્ઠા અને સાતમા પગારપંચનો લાભ, એરિયર્સ સાથે નિયમિત મોંઘવારી ભથ્થુ વગેરે લાભ આપતી વી.વી.પી. દેશની આંગળીના વેઢે ગણી શકાય એવી સંસ્થાઓમાંની એક છે અને વી.વી.પી. નાં ટ્રસ્ટીઓ કોઈપણ પ્રકારનું માનદ વેતન, મીટીંગ ભથ્થા કે વહીવટી કાર્ય માટે કોઇ પણ પ્રકારનું આર્થિક ફંડ ટ્રસ્ટના હિસાબમાંથી વાપરતા નથી. આવા પવિત્ર ધનમાંથી શ્રીદાન દવારા વી.વી.પી. એ અનુકરણીય ઉદાહરણ પૂરું પાડયું છે.(૩.૧૮)

ભુપેન્દ્રસિંહ ચુડાસમા રાજકોટમાં : કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર સાથે બંધ બારણે મીટીંગ કર્યાની ચર્ચા

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીનું તડને ફડ : ભાજપના કોર્પોરેટરો કોંગ્રેસમાં લડવા આવે એ વાતમાં માલ નથી, કોંગી કોર્પોરેટરો અમારા સંપર્કમાં

આંતરરાજ્ય ચોરી કરતી કુખ્યાત ઈરાની ગેંગના બે સાગરીતો ઝડપાયા

ભુજમાંથી બે શખ્સો રૂ.૧૫ લાખના સોનાના ટુકડા લઈ નાસી ગયાનો પોલીસ કંટ્રોલ રૂમમાં મેસેજ મળતા ક્રાઈમ બ્રાંચની ટીમે રાજકોટ રેલ્વે સ્ટેશન પાસેથી મુંબઈના બન્ને શખ્સોને દબોચી લઈ રૂ.૧૪.૧૪ લાખને મુદ્દામાલ કબ્જે કર્યો

મોડસ ઓપરેન્ડી : માત્ર જવેલર્સમાં ચોરી કરતા

પકડાયેલ ઇસમો મોટાભાગે જવેલસગ સોના ચાંદીના દાગીનાની દુકામાંથી ચોરીઓ કરવાની ટેવવાળા છે સોના-ચાદીંના દાગીનાની ખીરીદીના બહાને સોના-ચાંદીની દુકાન(જવેલસગ) મા જઇ સોનાના દાગીનાઓ જોવા માંગી દુકાનદાર અલગ અલગ દાગીના બતાવતા હોય તે દરમ્યાન કાઉન્ટરના ખાનામા અથવા ટેબલ ઉપર રહેલ સોનાની ચોરીઓ કરવાની ટેવવાળા છે

જે-તે રાજયની લોકલ ભાષા અને પ્રભાવશાળી વાકચાતુર્યનો ઉપયોગ કરતા

આરોપીઓ અલગ અલગ રાજયમા ચોરીઓ કરતા હોય જેમા મોટાભાગે જે તે રાજયની સ્થાસનક ભાષા બોલે જેથી દુકાનદાર અથવા કોઇ વ્યકકતને તે સ્થાનીક માણસ હોવાનુ જણાય આવતુ અને વાકચાતુયગ એટલુ સારુ હોય કે સામેવાળો વ્યકકત તેની આભામા આવી જતો અને સવસ્વાસ મુકી દેતો જેથી અન્ય કોઇ શકાં જતી નહી

ધાર્મિક બહાને નજર ચુકવી ચોરી કરતા

પકડાયેલ ઇસમો કોઇપણ જવેલર્સમા જઇને સોનાનો સીકકો નાનો (ગીની) પોતાને નવો ધધાં ચાલુ કરવો છે અને તેમા રાખવા માટે લેવાનો છે અને દુકાનદારને તેની દુકાનના કાઉન્ટરના ગલ્લામા પોતે ખરીદ કરેલ સીકકાનો સ્પશગ કરાવવાનુ કહે જેથી પોતે નવો ધંધો ચાલુ કરવાના છે તેમા બરકત આવે તેથી દુકાનદારને પોતાના ગલ્લા અથવા કાઉન્ટરના ખાનામા સીકકાનો સ્પશગ કરે ત્યારે આરોપી દુકાનદારને તેણે સીકકો બરાબર સ્પશગ (અડાડેલ) નથી તેમ કહી પોતાને હાથે સીકકો કાઉન્ટર અથવા ગલ્લામા સ્પર્શ (અડાડવા)ના બહાને દુકાનદારની નજર ચુકવી કાઉન્ટર (ગલ્લા)મા રહેલ સોનાના રો-મટીરીયલ તથા દાગીનાની ચોરીઓ કરવાની ટેવવાળા છે

ટ્રેન-પ્લેન મારફતે મુંબઈથી આવતા જતા

પકડાયેલ આરોપીઓ મુંબઇ ઘાટકોપર મવસ્તાર મા રહેતા હોય જેથી જે રાજયમા ચોરી કરવાની હોય તે રાજયમા ટ્રેન મારફતે અથવા કયારેક પ્લેન મારફતે આવતા-જતા હતા જેથી જયા ગુન્હો કરેલ હોય તે જગ્યા તાત્કાલીક છોડી દઇ સકતા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા ૧૯

ગુજરાત રાજયમાં અલગ અલગ શહેરોમાં જવેલર્સના શોરૂમમાં મસમોટી ચોરી ને અજાંમ આપી નાસી જતી મુંબઈની કુખ્યાત ઈરાની ગેંગના બે સાગ્રીતોને જડપીલેવામાં રાજકોટ ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે.રાજકોટના રેલ્વે સ્ટેશન પાસેથી બે શખ્સોને દબોચી લઈ પોલીસે રૂ.૧૪.૧૪લાખનો મુદામાલ કબજે કર્યો છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર દ્વારા શહેરમાં મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ થયેલ ધરફોડ ચોરી, લુંટ તથા વાહન ચોરીના અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય તથા શહેર કંટ્રોલ રૂમ તરફથી એક વી.એચ.એફ મેસેજ પાસ થયેલો જેમા ભુજમા બે અજાણ્યા ઈસમો રૂ.૧૫,૦૦,૦૦૦/- ના સોનાના ટુકડા લઈ નાશી ગયેલ હોય જેના પગલે ડી.સી.બી.પો.સ્ટેના પો.સબ.ઈન્સ.પી.એમ.ધાખડા તથા પો.સબ.ઈન્સ એમ.બી.રબારી તથા ટીમના માણસો સતત પ્રયત્ન શીલ હતા. તે દરમ્યાન ટીમના પ્રતાપસિંહ ઝાલા, કુલદીપસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા નાઓને મળેલ હકીકત આધારે ઈરાની ગેંગ તરકિ ઓળખાતી ગેંગના બે ઈસમો રાજકોટ રેલ્વે સ્ટેશન આસપાસ હોય જેથી આ ટીમ દ્વારા ઈરાની ગેંગના બે ઈસમો ગુલામઅબ્બાસ ઉર્ફે મીસમ શોકતઅલી શેખ (ઉ.વ.૪૯ રહે.ઘાટકોપર, પંકેશા બાબા દરગાહ પાછળ, મૌલા અબ્દુલ ખાલીદની ચાલ. એલ.બી.એસ.માર્ગ રુમ નં.-૫ મુંબઈ,મહારાષ્ટ્ર) ગુલામ ઉર્ફે સુલતાન ઉર્ફે ગુજજી ઉર્ફે ટીંગના નાસીરહુશેન સુલેમાનશા (ઉ.વ.૪૦ રહે. ઘાટકોપર, પંકશા દરગાહ, મૌલાના ચાલ,ઈરાની ડેરા, મુંબઈ)ને સોનાના સીકકા (ગીની)-૫ તથા સોનાના નાના મોટા ટુકડા રો-મટીરીયલ ૨૭૧.૮૩ ગ્રામ કી.રૂ.૧૪,૧૪,૪૦૦/- સાથે રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતેથી પકડી પાડવામા આવેલ છે અને ભુજ તથા વલસાડ ના કુલ-૩ ગુન્હાનો ભેદ ઉકેલવામા આવેલ છે તેમજ અન્ય આરોપી અલગ અલગ-૭ જગ્યાએ નાસતો ફરતો હતો જેનો પણ ભેદ ઉકેલવામા આવેલ છે.

રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા

રાજકોટ જિલ્લાના ઝોન, મંડળના પ્રભારીઓની વરણી

મહામંત્રી ચાવડા, રામાણી અને ચાંગેલાને જુદા-જુદા ઝોનની જવાબદારી સોંપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૯

રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઇન્ચાર્જ અરુણભાઈ નિર્મળની અખબારી યાદીમા જણાવ્યું છે કે, રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા તથા સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોનીએ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સાથે ચર્ચા-વિમર્શ કરીને ભારતીય જનતા પાર્ટી રાજકોટ જીલ્લાના ઝોન પ્રભારી અને મંડલના પ્રભારીઓની વરણી કરવામાં આવેલ છે.

જીલ્લા મહામંત્રી નાગદાનભાઈ ચાવડાની રાજકોટ, લોધિકા, કોટડાસાંગાણી, પડધરી, જીલ્લા મહામંત્રી મનસુખભાઈ રામાણીની ગોંડલ શહેર તથા તાલુકો, જસદણ શહેર તથા તાલુકો, વિછીયા, જીલ્લા મહામંત્રી મનીષભાઈ ચાંગેલાની ઉપલેટા શહેર તથા તાલુકો, ધોરાજી શહેર તથા તાલુકો, જેતપુર શહેર તથા તાલુકો, ભાયાવદર શહેર, જામકંડોરણા તાલુકના ઝોન પ્રભારી તરીકે વરણી કરવામાં આવેલ છે. રાજકોટ જીલ્લાના મંડલના પ્રભારી તરીકે ઉપલેટા શહેરના પ્રભારી કિશોરભાઈ શાહ, ઉપલેટા તાલુકાના પ્રભારી બાવનજીભાઈ મેતલિયા, ધોરાજી શહેરના પ્રભારી રાજશીભાઇ હુંબલ, ધોરાજી તાલુકાના પ્રભારી સુભાષભાઈ બાંભરોલીયા, ભાયાવદર શહેરના પ્રભારી નરશીભાઈ મૂંગલપરા તથા સહ-પ્રભારી મંજુલાબેન માંકડિયા, જામકંડોરણા તાલુકાના પ્રભારી ઇન્દ્રવિજયસિંહ ચુડાસમા, જેતપુર શહેરના પ્રભારી હરસુખભાઈ ટોપિયા, જેતપુર તાલુકાના પ્રભારી ગોવિંદભાઈ રાણપરીયા, ગોંડલ શહેરના પ્રભારી રીનાબેન ભોજાણી તથા સહ-પ્રભારી ભાસ્કરભાઈ જશાણી, ગોંડલ તાલુકાના પ્રભારી અલ્પેશભાઈ ઢોલરીયા, કોટડાસાંગાણી તાલુકાના પ્રભારી નિતીનભાઈ ઢાકેચા, લોધિકા તાલુકાના પ્રભારી તળશીભાઈ તાલપરા, રાજકોટ તાલુકાના પ્રભારી મોહનભાઈ દાફડા, પડધરી તાલુકાના પ્રભારી પ્રાગજીભાઈ કાકડિયા, જસદણ શહેરના પ્રભારી રમાબેન મકવાણા તથા સહ-પ્રભારી જીગ્નેશભાઈ હીરપરા, જસદણ તાલુકાના પ્રભારી હરેશભાઈ હેરભા તથા સહ-પ્રભારી રમેશભાઈ સાકરીયા, વિછીયા તાલુકાના પ્રભારી ખોડાભાઈ ખસીયાની મંડલના પ્રભારી તરીકે વરણી કરવામાં આવેલ છે.

સાંસદઓ મોહનભાઈ કુંડારિયા તથા રમેશભાઈ ધડુક, કેબીનેટ મંત્રીઓ જયેશભાઈ રાદડિયા તથા કુંવરજીભાઈ બાવળિયા, પ્રદેશ ઉપાધ્યક્ષ જશુમતીબેન કોરાટ, ધારાસભ્યઓ ગીતાબા જયરાજસિંહ જાડેજા, લાખાભાઈ સાગઠીયાએ નવનિયુક્ત પ્રભારીઓને ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.(૧૩.૨)

વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા

આવતીકાલે લોકસાહિત્યકાર સાંઈરામ દવેનું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

વર્લ્ડ ટેલેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજકોટમાં વર્લ્ડ અમેઝીંગ ટેલેન્ટ કેટેગરી હેઠળ જાણીતા લોકસાહિત્યકાર સાંઈરામ દવેનું સન્માન આવતીકાલે સવારે ૧૧ કલાકે નચિકેતા સ્કુલીંગ સિસ્ટમ, અંબિકા ટાઉનશીપ, જીવરાજ પાર્ક રાજકોટ ખાતે કરાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર પરિમલ પંડ્યા તથા અતિથિ વિશેષ તરીકે નાયબ મ્યુનિસિપલ કમિશનર સી.કે.નંદાણી, જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ.કૈલા જિલ્લા પ્રાથમિક અધિકારી ડી.આર. સરડવા, જિલ્લા શિક્ષણ અધિકારી - ગીરસોમનાથ રાજેશ ડોડીયા, શાશનાધિકારી કિરીટસિંહ પરમાર, કમિશ્નર સ્કાઉટ ગાઈડ મનિષ મહેતા, નાયબ માહિતી નિયામકનિરાલા જોષી, શિક્ષણ નિરીક્ષક ભરૂચ સંગીતાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહેશે.(૧૩.૧)

એક સાથે બનશે બે ખગોળીય ઘટના

સોમવારે ગુરૂ-શનિની યુતિના નજારા સાથે લાંબી રાત્રિ

છેલ્લે વર્ષ ૨૦૦૦ માં જોવા મળેલુ કંજક્શન હવે ૨૦૪૦ માં જોવા મળશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ,તા.૧૯

વિશ્વના લોકોને વર્ષ ૨૦૨૦ અનેક પ્રકારે યાદ રહેશે તા.૨૧મી ડિસેમ્બરે બે ખગોળીય ઘટના બનવાની છે, લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરશે. આજ દિવસે આકાશમાં ગુરૂ-શનિ યુતિનો અભુત અવકાશી નજારો બનવાનો છે. બંને ગ્રહો વચ્ચે માત્ર ૦.૧ ડિગ્રીના અંતરે અતિ નજીક પશ્ચિમ ક્ષિતિજે ગુજરાતના નાગરિકો રાત્રિના સાડા આઠ કલાક સુધીમં નજારો જોઈ શકશે. અવકાશી ઘટના નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા.૨૧મી આકાશમાં ગુરૂ-શનિ યુતિનો અદ્‌ભૂત નજારો જોવા મળશે. હવે પછી વર્ષ ૨૦૪૦ વર્ષ ૨૦૬૦ અને ગ્રેટ કંજક્શન વર્ષ ૨૦૮૦ માં જોવા મળવાનું છે. સોમવારે પશ્ચિમ દિશામાં રાત્રિના નરી આંખે ઉપરાંત દૂરબીન, ટેલીસ્કોપ, વિજ્ઞાન ઉપકરણથી આહલાદક નજારો જોઈ શકાશે. ગુરૂ-શનિ નજીક આશરે ૨૦ વર્ષે ખગોળીય ઘટના બને છે. હવે પછી આ જ પ્રકારે વર્ષ ૨૦૮૦ માં સૌથી નજીક જોવા મળશે. સૌરમંડળનો પાંચમો ગ્રહ ગુરૂ અને શનિ છઠ્ઠો ગ્રહ છે. જયુપિટર ગુરૂ ગ્રહ ૧૧.૮૬ વર્ષમાં સૂર્યની પરિક્રમા કરે છે શનિને લગભગ ૨૯.૫ વર્ષ સૂર્યની પરિક્રમા કરવામાં લાગે છે. દર ૧૯.૬ વર્ષમાં આ બંને ગ્રહો નજીક આવે છે ત્યારે આવો યુતિનો નજારો સ્પષ્ટ જોઈ શકાય છે. પંડયા જણાવે છે કે શનિ સૂર્યમાળામાં સૌથી આકર્ષક-સોહામણો ગ્રહ છે, તેને ૩૦ ઉપગ્રહો આવેલા છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા ૨૯.૪૬ વર્ષ લાગે છે. આ ગ્રહને આશરે ૩૦૦૦ વલયો કુલ ૯,૬૦,૦૦૦ કિલોમીટરનો વ્યાસ ધરાવે છે. શનિનો ઉપગ્રહ ટાઈટલ તેના બધા ઉપગ્રહોમાં સૌથી મોટો છે. આ અવકાશી ઘટના પરિવાર સાથે નિહાળવી જોઈએ.(૧૩.૪)

જેતલસર ગામે હોટલમાંથી રૂ.૫૯ હજારની મતા ભરેલું પર્સ ચોરી કરનાર ઝડપાયો

રૂરલ એસઓજીની ટીમે ગણતરીની કલાકોમાં જુની સાંકળી ગામેથી તસ્કરને દબોચી લઈ મુદ્દામાલ કબજે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૯

જેતપુરના જેતલસર ગામે આવેલી વ્રન વાટીકા હોટલના પાર્કીંગમાં પાર્ક કરેલી કારમાંથી રૂ.૫૯ હજારની મતા કરેલા પર્સની ઉઠાંતરી કરનાર શખ્સને રૂરલ એસઓજીએ ગણતરીની કલાકોમાં દબોચી લઈ મુદામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જેતપુરમાં આવેલા યોગીનગરમાં રહેતા અને ટુર્સ અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા વિરેન્દ્રભાઈ બાબુભાઈ વેગડ(ઉ.વ.૩૪)નામના પટેલ યુવાને જેતપુર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે પોતે બપોરના સમયે પોતાની કાર લઈ જેતલસરના વ્રજ વાટીકા હોટલે ગયો હતો. ત્યારે કાર ખુલ્લા મુદાનમાં પાર્ક કરી હતી ત્યારે કોઈ અજાણ્યા શખ્સે કારમાં રાખેલા રોકડા, સોના ચાંદીના દાગીના ભરેલી મતાને પર્સ ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા જેતપુર તાલુકા પોલીસના એ.એસ.આઈ એમ.એફ. ચૌહાણ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી તે દરમ્યાન રૂરલ એસ.ઓ.જી.ના પીઆઈ એ.આર. ગોહિલની સુચનાથી હેડ કોન્સ્ટેબલ ઉદયસિંહ, ધર્મેન્દ્રસિંહ, રણજીતભાઈ, સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકક્સ બાતમીના આધારે જુનાગઢ હાઈ-વે પર આવેલા જુની સાંકળીગામના પાટીયા પાસે શંકાસ્પદ ઉભેલા અશોકધીરૂ માલકાણ (ઉ.વ.૫૬) ને અટકાવી તેની તપાસી લેતા તેની પાસેથી પર્સ મળી આવતા પોલીસે રૂ.૫૯૮૦૦નો મુદામાલ કબજે કરી શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના મેમનગર ગુરૂકુલ ખાતે

ઘનશ્યામ મહારાજનો ૨૫મો પાટોત્સવ ઓનલાઈન ઉજવાયો

૨૫૦૦ કિલો અન્નકૂટનો પ્રસાદ ગરીબોમાં વહેંચાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૧૯

ભારતભરની શ્રી કૃષ્ણ ભગવાનની પુષ્ટિમાર્ગીય હવેલીમાં ભગવાનની પ્રતિષ્ઠિત મૂર્તિને અભિષેક કરવા માટે પવિત્ર જળાશયમાંથી જળ ભરી ઠાકોરજીને અભિષેક કરવામાં આવે છે. ગુકુરૂલમાં બિરાજીત ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાના ૨૫ વર્ષ પુરા થતા.મેમનગર ગુરૂકુલ પ્રાર્થના મંદિરમાં વેદ વિધિ સાથે શા.માધવપ્રિયદાસ સ્વામી, પુરાણી ભક્તિપ્રકાશદાસ સ્વામી અને પુરાણી બાલકૃષ્ણદાસ સ્વામી અને પુરાણી હરિસ્વરુપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ઘનશ્યામ મહારાજનો - રજત જયંતી પાટોત્સવ ઓન લાઇન ઉજવાયો હતો. જેમાં છારોડી ગુરૂકુલથી ભવ્ય જળયાત્રા કાઢવામાં આવી હતી.

ભગવાન સ્વામિનારાયણે ગુજરાતમાં જ્યાં જ્યા વિચરણ કરેલ હોય તે સ્થાનકના વાવ, તળાવ, કૂવા વગેરે સ્થળે સ્નાન કરેલ હોય તે સ્થળના પ્રસાદીભૂત જળ, ગંગા, યમુના, સરસ્વતી, હરિદ્વાર ઋષિકેશ, નારાયણસર-છપૈયા, સરજૂનદી-અયોધ્યા, માનસરોવર, ગંગોત્રી, યમનોત્રી, પુલ્હાશ્રમ, અડાલજની વાવ વગેરે ૧૨૫ જેટલા તીર્થ સ્થાનોના તેમજ ઔષધિઓના રસ, પંચગવ્ય પંચામૃત, કેસરજળ, વગેરેથી ઘનશ્યામ મહારાજનો વહેલી સવારે પૂ.માધવપ્રિયદાસ સ્વામી, પુરાણી બાલકૃષ્ણદાસ સ્વામી તથા પુરાણી હરિસ્વરૂપદાસ સ્વામીના હસ્તે અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠાકોરજીને ૨૫૦૦ કિલો વાનગીઓનો અન્નકુટ ધરવામાં આવ્યો હતો.

અભિષેક અને અન્નકૂટની તમામ વ્યવસ્થા કોઠારી મુક્તસ્વરૂપદાસ તથા પ્રિયવદન સ્વામી, ભંડારી અક્ષરસ્વરૂપદાસજી સાથે ગોવિંદભાઇ બારસિયાએ સાંભળી હતી. અન્નકૂટનો પ્રસાદ ગરીબો અને દરિદ્રનારાયણને પ્રસાદ રુપે વહેંચાયો હતો.(૧૩.૩)

બુટલેગરનું બાંધકામ તોડી પાડવાના વિરોધમાં

જૂનાગઢ તા. પંચાયત સભ્યનું રાજીનામું

(અમારા પ્રતિનિધિ દ્વારા)
જુનાગઢ,તા.૧૯

હાલમાં જ જુનાગઢ એસ.ડી. એમ. અને મામલતદાર શહેરના સયુક્ત ઓપરેશનમાં જુનાગઢ શહેરની મધ્યમાં ગાંધીગ્રામના પોશ વિસ્તારમાં આવેલ રજવાડી બંગલાને હાલમાં જ બનેલ લેંડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ ૨૦૨૦ હેઠળ તોડી પાડવામા આવ્યો હતો. આ બંગલો જુનાગઢ વિસ્તારના નામચિન બુટલેગર સંજય ડોસાનો હોય, ત્યારે અધિકારીઓની આ સમગ્ર કડક કામગીરીની પ્રજામાંથી પ્રશંસા થઈ રહી છે ત્યારે બીજી તરફ તડીપાર બુટલેગર સંજય ડોસાના સમાજના અને વંથલી તાલુકામાં અનુસુચીત જન જાતીમાં મોટુ નામ કહિ શકાય તેવા, હાલમાં જ ટિકર પાદરડી તાલુકા પંચાયત સિટમાં ભારે બહુમતીથી ચુંટાઇ તાલુકા પંચાયતના સભ્ય બનેલા, ભાજપના સક્રિય સભ્ય એવા લાખાભાઇ ગળચરે તાલુકા પંચાયત અને ભાજપમાંથી રાજીનામુ આપી દેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. આ બાબતે રાજીનામુ આપનાર લાખાભાઇ સાથે મિડીયા એ ટેલીફોનિક વાત કરતા જણાવ્યુ હતુ કે સંજય ડોસાના બંગલાને તોડી પાડવાની ઘટનાના વિરોધમા આ રાજીનામુ આપ્યુ છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ટર્મ પુર્ણ થવા ને હવે ફક્ત ચાર કે પાચ દિવસની વાર છે. અત્યારે રાજીનામુ આપી પોતાના સમાજના લોકોને સમર્થન જાહેર કરવુ કે સરકારને દબાવવુ કેટલા અંશે વ્યાજબી છે.(૩.૩)

માંગરોળમાં વધતા જતાં આવારા તત્વોના ત્રાસ સામે હિન્દુ સંગઠનોનું આવેદન

(અમારા પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ,તા.૧૯

ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવી બહેન-દીકરીની છેડતી કરનારાઓની શાન ઠેકાણે લાવવા માંગ

માંગરોળમાં વધતા આવારા તત્ત્વોના ત્રાસથી વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ સાથે ૨૫ જેટલા હિન્દુ સંગઠનો એ આવેદનપત્ર પાઠવ્યું.

જુનાગઢ જીલ્લાના માંગરોળ મા વધતી જતી રોમીયો ગીરી તેમજ ધુમ બાઈક ચલાવી બહેન દિકરીઓની છેડતી ની ઘટનાઓને ગંભીરતા થી ધ્યાને લઈ માંગરોળ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તેમજ માંગરોળના તમામ સામાજિક સેવાભાવી પચીસ જેટલા હિન્દુ સંગઠનો દ્વારા માંગરોળ મામલતદારને, ડીવાયએસપીને, તેમજ માંગરોળ પીએસઆઈને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ અને આવા બનાવોને રોકવા માટે માંગરોળમાં વહેલી તકે એન્ટી રોમીયો સ્કોડની ટીમ દ્વારા માંગરોળ ના દરેક વિસ્તારોમાં સીવીલ ડ્રેસમાં વોચ રાખી આવા આવારા તત્વો પકડી કડક કાર્યવાહી કરે અને પોલીસ પેટ્રોલીંગ વધારે અને માંગરોળનાં મેઈન પોઈન્ટ ઉપર પોલીસ વધુ બંદોબસ્ત ગોઠવે જેથી આગામી દિવસોમાં આવા બનાવો બનતા અટકાવી શકાય એવી માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.(૩.૪)

ધોરાજીના પૂર્વ નગરપતિ

કાસમ કુરેશીની જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી સેલના વા. ચેરમેન પદે નિમણૂંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ધોરાજી,તા.૧૯

ધોરાજીના મુસ્લિમ સમાજ અને સમગ્ર સૌરાષ્ટ્ર મતવા કુરેશી માલધારી સમાજ ના મોભી અને હર હમેશ સેવાકીય અને સામાજિક પ્રવુતિઓ માં અગ્રેસર મુસ્લિમ આગેવાન અને ધોરાજી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કાસમભાઈ કુરેશીની રાજકોટ જીલ્લા કોંગ્રેસ માઇનો રીટીના જિલ્લાના વાઇસ ચેરમેન તરીકે નિમણુક થતા ધોરાજીના મુસ્લિમ સમાજમાં ભારે ખુશી ની લાગણી વ્યાપી છે ઉલેખનીય છે કે કાસમ ભાઈ કુરેશી નગરપાલિકાના પ્રમુખ રહી ચૂક્યા છે અને વિકાસના કામોને અગ્રતા આપી હતી અને હાલમાં કોરોનાના કારણે સર્જાયેલ લોકડાઉનમાં પણ અનેક પ્રકારની સામાજિક અને સેવાકીય પ્રવુતિ કરી હતી ખાસ કરી અને સામાજિક અને સેવાકીય પ્રવુતિ માં અગ્રેસર કાસમભાઈ કુરેશીની વરણીને લોકો આવકારી રહ્યા છે અને જબ્બારભાઈ નાલબંધની પણ ધોરાજી શહેર કોંગ્રેસના મયનો રીટીના શહેરના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે.(૩.૨)

સાવરકુંડલામાં સ્વામિ નિર્દોષાનંદની ત્રીજી પૂણ્યતિથિ નિમિતે રકતદાન

હોમગાર્ડના જવાનોએ રકતદાન કરી શ્રધ્ધાંજલિ પાઠવી

(અમારા પ્રતિનિધિ દ્વારા)
સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા ખાતે આવેલ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતી સંન્યાસ આશ્રમ ખાતે પરમ પૂજ્ય સદગુરૂ સ્વામી નિર્દોષાનંદની ત્રીજી પુણ્યતિથિ મહોત્સવ નિમિતે યોજાયેલ રકતદાન કેમ્પમાં હોમગાર્ડ જવાન કેતન પંડયા અને ભરત મકવાણા દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું તથા હોમગાર્ડ જવાન અમીતગીરી ગોસ્વામી, ભરતભાઈ અધવર્યું, પ્રદીપ બગડા, કિરણ સોલંકી દ્વારા આશ્રમ ખાતે સેવા કરી વ્યવસ્થા જાળવી હતી.(૩.૫)

નવી નકોર સ્વીફટ કારમાં ૬૦ બોટલ દારૂ સાથે ચોટીલાના ત્રણ શખ્સો પકડાયા

કુવાડવા પોલીસે ચોકક્સ બાતમીના આધારે બેટી (રામપરા)થી પારેવાડા ગામના રસ્તેથી ઝડપી લઈ રૂ.૫.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૯

કુવાડવા રોડ પોલીસની હદમાં આવેલી બેટી (રામપરા) ગામથી પારેવડા ગામ તરફના રસ્તે પોલીસે ચોકક્સ બાતમીના આધારે નવી નકોર સ્વીફટ કારમાં ૬૦ બોટલ વિદેશી દારૂ સાથે ચોટીલાના ત્રણ શખ્સોને દબોચી લઈ રૂપ.૪૮લાખનો મુદામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કુવાડવા પોલીસ મંથકના પીઆઈ. એમસી વાળાની સુચનાથી પી.એસ.આઈ બી.પી.મેઘલાતર, હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ, સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બેટી(રામપરા)ગામથી પારેવાડા ગામ તરફ જવાના રસ્તે એક સફેદ કલરની નવી નકોર કાર શંકાસ્પદ હાલતમાં પસાર થતા પોલીસે કારને અટકાવી તપાસી લેતા તેમાંથી રૂ.૨૪૦૦૦ની કિમતનો ૬૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા કાર ચાલક જયેશ નરશી રાઠોડ (રહે ચોટીલા, મફતીયાપરા, તથા પ્રવિણ વેલા નાકીયા તથા કાયદાના સઘર્ષમાં આવેલા બાળકિશોર સહિત ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી કાર સહિત કુલ રૂ.૫૪૮૦૦૦નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોંડલની નવી મા. યાર્ડમાં જાહેરમાં જુગાર રમતા ચાર ઝબ્બે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯: ગોંડલની નવી માર્કેટ યાર્ડના ડુંગળીના ગ્રાઉન્ડમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે દબોચી લઈ રૂ.૧૫ હજારનો મુદામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગોંડલ સીટી પોલીસ મંથકના હેડ કોન્સ્ટેબલ જે.કે.ચૌહાણ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ગોંડલની નવી માર્કેટ યાર્ડમાં આવેલ ડુંગળીના ગ્રાઉન્ડના ખુલ્લા મેદાનમાં જાહેરમાં તીન પતિનો જુગાર રમતા ખમીશા ઓસમાણ મજોઠી, ભરત ભનુ ઓળરાદી, જેન્તી ભીમજી મેર, અને સંજય કેશુ સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧૬૨૩૦નો મુદામાલ કબજે કર્યો છે.

આજે યોજાનારી ફરીયાદ અને સંકલન સમિતિની બેઠક મુલ્તવી

કલેકટર કચેરી ખાતે વિકાસકામોની સમિક્ષા માટે દર મહિનાના ત્રીજા શનિવારે બેઠકનું કરાય છે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૯

રાજય સરકાર દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે જે-તે જિલ્લા મથકોમાં થયેલી વિવિધ કામગીરીની સમિક્ષા કરવા ફરીયાદ અને સંકલન સમિતિની બેઠક યોજવામાં આવતી હોય છે.જેમા રાજકોટના વિવિધ વિકાસલક્ષી કામોની સમીક્ષા અર્થે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે યોજાતી સંકલનની બેઠક આજે યોજાવાની હતી, જે મુલતવી રાખવામાં આવી છે. જેની સંબંધિત વિભાગના અધિકારીઓને નોંધ લેવા વહીવટી વિભાગ દ્વારા જણાવાયું છે.(૩.૭)

નાના મવા રોડ પર રહેણાંક મકાનમાં ચાલતી જુગાર કલબ પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

ટોકન સિસ્ટમથી જુગાર રમતા આઠ શખ્સોને પોલીસે દબોચી લઈ રૂ.૨.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૧૯

શહેરના નાના મવા રોડ પર આવેલી ન્યુ ગાંધી સોસાયટીમાં શહેણાંક મકાનમાં ટોકન સિસ્ટમથી ચાલતી જુગાર કલબ પર પોલીસે દરોડો પાડી જુગાર રમતા આઠ શખ્સોને દબોચી લઈ રોકડ સહિત કુલ રૂ.૨૩૯૧૫૦નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ક્રાઈમબ્રાંચના પીઆઈ વી.બે.ગઢવીની સુચનાથી પી.એસ.આઈ. વી.જે. જાડેજા, એ.એસ.આઈ જયેશભાઈ, રાજદીપસિંહ, મહેન્દ્રસિંહ, હિતેન્દ્રસિંહ, સ્નેહલભાઈ, સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોકક્સ બાતમીના આધારે નાના મવા રોડ પર આવેલી ન્યુ ગાંધીસોસાયટી શેરી.૪માં રહેતા રમેશ કેશ વેકરીયા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી ટોકન સિસ્ટમથી જેગાર ની કલબ ચલાવતો હોવાની હકીક્ત મળતા ટીમે દરોડો પાડતા તીન પતિનો જુગાર રમતા જયેશબાબુ ખાત્રા(રહે બજરંગ સોસાયટી શીવમ રેસીડેન્સી)નરેન્દ્રસિંહ ખોડાજી ગોહેલ(રહે જય ખોડિયાર સોસાયટી), કાદર બાવાસીયા કાદરી(રહે દુધસાગર રોડ રીધ્ધિ સિધ્ધી સોસાયટી), જીતેન હરી વેબરીયા(રહે ભારતનગર, જીવરાજ પાર્કની બાજુમાં)સમદ ઈકબાલ ધાંચી(રહે દુધ સાગર રોડ ફરૂકી સોસાયટી), અશોક નાથા ઉનડકટ(રહે કોઠારીયા રોડ શ્યામ પાર્ક), મુકેશ ભીખા સખીયા(રહે ધોળકીયા સ્કુલ પાસે શ્ર રામ પાર્ક), અને મકાન માલિક રમેશ કેશુ વેકરીયા સહિત આઠ શખ્સોની પોલીસે ધરપકડ કરી કુલ રૂ.૨૩૯૧૫૦નો મુદામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ કરી છે.

ભરૂચમાં ડુપ્લીકેટ એસેસરીઝ મામલે પોલીસના દરોડા

(અમારા પ્રતિનિધિ દ્વારા) ભરૂચ,તા.૧૯

મળતી માહિતી અનુસાર, ભરૂચના મહાત્મા ગાંધી રોડ ઉપર આવેલ આઈ કિંગ સેલર્સ, ન્યુ લુક મોબાઈલ, પટેલ મોબાઈલ એસેસરીઝ અને દુબઈ મોબાઈલની શોપમાં ગેરકાયદેસર રીતે ડુપ્લિકેટ એપલ કંપનીની એસેસરીઝનું વેચાણ થઈ રહ્યું હોવાની પોલીસને બાતમી મળી હતી.

ગાંધી રોડની ચાર દુકાનોમાંથી રૂ.૧૩.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત

જેના આધારે એથ ડિવિઝન શહેર પોલીસે ચારેય મોબાઈલ શોપમાં દરોડા પાડ્યા હતા.

જેમાંથી પોલીસે ઇયર ફોન, ચાર્જિંગ કેબલ, મોબાઈલ કવર, ચાર્જર અને ટફન ગ્લાસ, એડેપ્ટર તેમજ ૪ જેટલા એપ્પલ કંપનીના ફોન મળી કુલ રૂપિયા ૧૩.૫૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે નેશનલ પાર્ક સોસાયટીમાં રહેતા શબ્બીર યુસુફ બાદશાહ, નઇમ ઇલિયાસ પટેલ, મનભડ સોફિયાન સુસૂકભાઈ અને ફૈઝલ મહમંદ હાલારી વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૧૩.૧૦)

જીડી ગોઈન્કા સ્કૂલથી ત્રસ્ત

સુરતમાં ફી મામલે વાલીઓની બાળકો સાથે કલેકટરને રજૂઆત

ડી.ઈ.ઓ. અને FRC ને એક્ટિવીટીના નામે ફી ઉઘરાવવાની ફરીયાદ કરશે

(અમારા પ્રતિનિધિ દ્વારા) સુરત,તા.૧૯

સુરત શહેરમાં સ્કૂલોની દાદાગીરીઓ થોડા થોડા દિવસે સામે આવી રહી છે. ત્યારે હવે સુરત શહેરમાં જીડી ગોઇન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના વાલીઓ કલેક્ટર કચેરી પહોંચ્યા છે. વાલીઓ આજે કલેક્ટર, DEO અને FRCને ફી બાબતે રજૂઆત કરશે. વાલીઓએ જણાવ્યું હતું કે, ફી નિર્ધારણ હોવા છતાં વધુ ફી સ્કૂલ વસૂલી રહી છે, એક્ટિવિટીના નામે ઉઘાડી લૂંટ ચલાવાઈ છે. સુરતમાં આવેલી ભગવાન મહાવીર ઈન્ટરનેશનલસ્કૂલ દ્વારા ફીના મુદ્દે વિદ્યાર્થીઓ અને વાલીઓ પર દબાણ કરવામાં આવી રહ્યું હતું. ફી ન ભરનાર વિદ્યાર્થીઓના સ્કૂલ દ્વારા ઓનલાઈન શિક્ષણ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. જેથી શાળા બહાર વાલીઓએ એકઠા થઇ વિરોધ નોંધાવ્યો હતો. વાલીઓએ જણાવ્યું કે, બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવામાં આવ્યું છે. તેમજ સરકારના હિસાબે ફી ભરવા વાલીઓ તૈયાર છે. પરંતુ સ્કૂલ સંચાલકો પોતાની રીતે વધુ ફીની માંગણી કરી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યાં હતા.(૧૨.૯)

ભરૂચની સ્વસ્તિક સોસાયટીમાં ગંદકીથી રહીશોમાં રોષ

(અમારા પ્રતિનિધિ દ્વારા) ભરૂચ,તા.૧૯

ભરૂચના વોર્ડ નંબર ત્રણમાં આવેલી સ્વસ્તિક સોસાયટીમાં ગંદકીથી સ્થાનિક રહીશો પરેશાન થઇ ઉઠયાં છે. આ વિસ્તારમાં ગટરો ઉભરાઇ જતાં પાણી રસ્તા પર વહી રહયાં છે. આ બાબતે નગરપાલિકામાં તેમજ સ્થાનિક કોર્પોરેટરોને વારંવાર રજુઆત કરવા છતાં કોઇ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો આક્ષેપ રહીશો કરી રહયાં છે. સોસાયટીમાંથી પસાર થતી ગટરલાઇનની નિયમિત સફાઇ થતી ન હોવાથી આ સમસ્યા સર્જાય છે. ગંદા પાણી ફેલાતા દુર્ગંધ અને મચ્છરના ઉપદ્રવથી રહીશો ત્રસ્ત બની ચુકયાં છે. રહીશોનો કહેવા મુજબ નગરપાલિકામાં અવારનવાર આ બાબતે જાણ કર્યા હતા કોઈપણ અધિકારી કે કોર્પોરેટર આ સમસ્યાનો હલ કરવામાં રસ લેતા નથી. કોરોનાની મહામારી વચ્ચે નગર પાલિકાની બેદરકારી રોગચાળાને આમંત્રણ આપી રહી છે. તેવો રોષ અંતમાં વ્યકત કર્યો હતો.(૧૩.૯)

ભરૂચના ચાંચવેલ પાસે લાઈનમાંથી ક્રુડ ચોરતા એક ઝડપાયો

ફરાર થયેલા બે આરોપીને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ દ્વારા) ભરૂચ,તા.૧૯

ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે વાગરા તાલુકાના ચાંચવેલ ગામ નજીક ઓએનજીસીની પાઇપલાઇનમાં પંકચર પાડી ક્રુડ ઓઇલની ચોરી કરતાં એક આરોપીને ઝડપી પાડયો છે જયારે ફરાર થઇ ગયેલાં બે આરોપીને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ઓએનજીસીના અનેક તેલક્ષેત્રો આવેલાં છે. જેમાથી નીકળતાં ક્રુડ ઓઇલનું પાઇપલાઇન મારફતે વહન કરવામાં આવે છે. વાગરા તાલુકાના ચાંચવેલ ગામ નજીકથી ઓએનજીસી કંપનીની હાઇ પ્રેસર પાઇપલાઇન પસાર થાય છે. આ પાઇપલાઇન સાત મિનિટમાં ૨૨ હજાર લીટર કરતાં વધારે ક્રુડ ઓઇલનું વહન કરવાની ક્ષમતા ધરાવે છે. આ હાઇપ્રેસર લાઇનની ઉપર ખોદોખોડી લાઇનમાં પંકચર પાડી વાલ્વ બેસાડી ક્રુડ ઓઇલની ચોરી કરવામાં આવે છે. ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે બાતમીના આધારે ચાંચવેલ ગામ નજીક દરોડા પાડી ઓઇલ ચોરી કરી રહેલાં અને આછોદના રહેવાસી ઇમ્તિયાઝ અહેમદ ઉર્ફે દેડકાને ઝડપી પાડયો હતો. તેની પુછપરછમાં આછોદના ઇકબાલ નિઝામ પઠાણ અને વડોદરાના ભાયલીના વિજય ઉર્ફે મુન્નો ગણપત ગોહિલની સંડોવણી હોવાની કબુલાત કરતાં બંનેને વોન્ટેડ જાહેર કરાયાં છે.

પોલીસના જણાવ્યા અનુસાર વિજય ઉર્ફે મુન્નો અને ઇમ્તિયાઝ અહેમદ ઉર્ફે દેડકો ગુનાહિત ભુતકાળ ધરાવે છે અને અગાઉ પર ઓઇલ ચોરી સહિતના ગુનામાં ઝડપાય ચુકયાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષો પહેલાં ઓએનજીસી કંપનીમાંથી આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી ક્રુડ ઓઇલની ચોરી દરમિયાન વિસ્ફોટ થયો હતો અને પાઇપલાઇનમાં આગ લાગી હતી જેને બુઝાવવામાં ઘણો સમય લાગી ગયો હતો. હાલમાં ઝડપાયેલાં આરોપીએ જણાવ્યું હતું કે, ઓઇલ ચોરી કરતાં પહેલાં તેઓ પાઇપલાઇનની રેકી કરતાં હતાં અને અવાવરૂ સ્થળે લાઇનમાં પંકચર પાડી તેના પર વાલ્વ બેસાડી દેતા હતાં. આ કામગીરીમાં એસઓજીના પીઆઇ કે.ડી.મંડોરા, પીએસઆઇ એન.જે. ટાપરીયા અને એમ.આર.શકોરીયા તથા તેમના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી આખું કૌભાંડ ઝડપી પાડયું છે.(૧૩.૧૩)

સુરતમાં મોંઘી સાડી બતાવીને હલકી સાડી પધરાવી દેતા વેપારી સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા) સુરત,તા.૧૯

સુરતમાંથી છેતરપિંડીનો એક અલગ જ કિસ્સો સામે આવ્યો છે. આ મામલે સાડીના વેપારી સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ વેપારી પોતાના માલ વેચવા માટે સોશિયલ મીડિયા નો સહારો લેતા હતો. તે યુ-ટ્યુબ સહિતના માધ્યમોમાં મોંઘી સાડીઓ મૂકતો હતો. જે બાદમાં કોઈ વેપારી પૂછપરછ કરીને ઓનલાઇન પેમેન્ટ કરી આપે ત્યારે તે જે બતાવી હોય તે સાડી મોકલવાને બદલે હલકી કક્ષાની સાડી મોકલી આપતો હતો. સાડીઓની ખરીદી કરનારા વેપારીઓ બહારગામ અને મોટાભાગના કેસમાં બીજા રાજ્યના હોવાથી ફરિયાદ કરતા ન હતા. હવે આ મામલે ફરિયાદ દાખલ થઈ છે.

સુરતના રેશમવાલા માર્કેટમાં દુકાન ધરાવતો વેપારી મોંઘી સાડીઓના ફોટા સોશિયલ મીડિયા પર મૂકી પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ત્રણ રાજ્યોના વેપારીઓ પાસેથી રૂ.૧.૫૩ લાખનું ઓનલાઇન પેમેન્ટ મેળવી લીધું હતું. જે બાદમાં તેમને હલકી કક્ષાની સાડીઓ આપતો હતો. આવા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ નહીં થતાં અવાર-નવાર બહારગામના વેપારીઓને છેતરવાની વૃતિ યથાવત રહી છે. જેથી સુરતના ટેક્સટાઈલ વેપારીઓને શાખને પહોંચતાં નુકસાનને પગલે સુરત મર્કન્ટાઈલ એસોસિએશન દ્વારા આવા જ સુરતના એક વેપારી સામે પ્રથમ વખત પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ટેક્સટાઈલ માર્કેટમાં ઘણાં એવા વેપારીઓ છે કે જેઓ પોતાની દુકાન ચલાવવા માટે સોશિયલ મીડિયા પર મોંઘી સાડીઓ જેવી કે રૂ.૧૦૦૦ની સાડી રૂ.૫૦૦માં મળતી હોવાનું બતાવીને પોતાના બિઝનેસની જાહેરાત કરે છે. સોશિયલ મીડિયા પર કરાતી આવા પ્રકારની લોભામણી જાહેરાતથી બહારગામનો વેપારી આકર્ષાયને સાડી ખરીદવા તૈયારી બતાવીને પેમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરે છે.(૯)

આડેધડ પાર્કિંગ અને પાથરણાવાળાનો અડીંગો અંકલેશ્વરમાં ત્રણ રસ્તા વિસ્તારમાં રોજીંદી ટ્રાફિક સમસ્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા) અંકલેશ્વર,તા.૧૯

અંકલેશ્વરનાં ત્રણ રસ્તા સર્કલ નજીક જાણે કે દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી હોવાથી લોકો હાલાકી વેઠી રહયાં છે. ફુટપાથ પર પથારાવાળાઓ અડીંગો જમાવી દે છે તથા ખરીદી માટે આવતાં લોકો ગમે ત્યાં વાહનો પાર્ક કરી જતાં રહેતાં હોવાથી અન્ય વાહનચાલકો અને રાહદારીઓ હાલાકીનો ભોગ બની રહયાં છે. આ વિસ્તારમાં બરાબર સામે જ રસ્તા વચ્ચે પોલીસનાં જવાનો ઉભા રહે છે તેમ છતાં આ વિસ્તારમાં ટ્રાફિક નિયમન બરાબર થતું નથી. ટ્રાફિકનાં કારણે અનેક વાહન ચાલકો ફસાઈ જતા હોય છે અને ઇમરજન્સી વાહનોને પણ પસાર થવામાં અડચણો નડતી હોય છે. ફુટપાથ પર બેસતાં પથારાવાળા પણ પોતાની નૈતિક ફરજ સમજી વધુ ટ્રાફિક ન વકરે તે પ્રકારે પોલીસ તંત્રને પણ મદદરૂપ થાય તેવી લોક માંગ ઉઠી છે.(૧૨.૮)

ઉત્પાદકોની ફેર વિચારણા કરવા માંગ

અંકલેશ્વરમાં ડાયસ્ટફના કાચા માલ પર ડ્યુટી નખાતા નારજગી

(અમારા પ્રતિનિધિ દ્વારા) અંકલેશ્વર,તા.૧૯

કેન્દ્ર સરકારે ડાય-સ્ટફના પાયના કાચામાલ પર એન્ટીડમીપીન્ગ ડ્યુટી લગાવી છે. તેનાથી ગુજરાતનાં ડાયસ્ટફ ઉત્પાદકોને નીકાસમાં મોટાપાયે સહન કરવાનું આવશે તેવે ચિંતા ડાયસ્ટફ ઉધોગના ઉત્પાદન સાથે સંકળાયેલ લોકોએ વ્યક્ત કરી છે.

તાજેતરમાં ભારત સરકારે કોરિયાથી આવતા થેલિક એનહાયેડ્રેડ પર પ્રોવીઝનલ સેફગાર્ડ ડ્યુટી લાખી છે. પરિણામે ડાયસ્ટફ ઉત્પાદકોના કિસ્સામાં પાયાના કાચામાલનો ભાવ કિલોએ ૫૦ રૂપિયાથી વધીને ૧૦૦ રૂપિયા થયો છે. ખાસ કરીને એન્ટી ડમ્પિંગ ડ્યુટી વિદેશથી આયાત થતો માલ સ્થાનિક ઉત્પાદકોને મરણતોલ ફટકો મારતો હોય કે કોઈ કારણસર રમત રમીને નીચા ભાવે માલ દેશમાં ડમ્પ કરાતો હોય ત્યારે લગાવાય છે. આ મુદ્દે રજૂઆત કરતા ગુજરાત ડાયસ્ટફ મેન્યુફેકચર્સ એસોસીએશન (જીડીએમે) પ્રેસિડેન્ટ રમેશ પટેલે કોમ્પીટીશન કમીશન ઓફ ઇન્ડિયાને, દેશના ડાઈ ઇન્ટરમીડીયેત અને ડાયસ્ટફના ઉત્પાદકોના વ્યાપક હિતમાં જરુરી કાર્યવાહી કરવા જણાવ્યું છે. કોમ્પીટીશન કમિશન ઓફ ઇન્ડીયા દેશમા બીઝનેસના એથીક્સને સાઇડ ઉપર મૂકીને ખોટી રીતે દાવ રમતું હોય તેની તપાસ કરીને ખુલ્લા પાડીની દંડ પણ કરે છે. પાનોલી ઉદ્યોગમંડલનાં પ્રમુખ બી.એસ.પટેલે જણાવ્યું કે, સરકાર આ મુદાને ગંભીરતાથી નહી લે તો ગુજરાતના ડાયસ્ટફ ઉદ્યોગને નિકાસ કામકાજમાં રૂ.૧૫૦૦૦ કરોડને ખોટ સહન કરવાનો વારો આવશે. સરકારે આ અંગે ફેરવિચારણા કરવી જરુરી છે.(૧૨.૬)

ઔદ્યોગિક અકસ્માતો નિવારવા પહેલ

અંકલેશ્વરમાં સરકારે એસઆર આઈસીટી સાથે હાથ મિલાવ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા) અંકલેશ્વર,તા.૧૯

એક તરફ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૪૨ જેટલા કામદારોના ઔદ્યોગિક અકસ્માતમાં મૃત્યુ નિપજ્યા છે જ્યારે અનેક બાબતે આ અંગે અનુમાન કર્યા બાદ ગુજરાત રાજ્ય ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગે અંકલેશ્વરની પ્રતિષ્ઠિત શ્રોફ રોટરી ઇન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી સાથે સંલગ્ન થઈ મહત્વના પગલા ઉઠાવ્યા છે.

ગુજરાત સરકારના ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ દ્વારા અંકલેશ્વર ખાતે કાર્યરત શ્રોફ રોટરી ઇન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી સાથે એક મહત્વનો કરાર કર્યો છે જેમાં અંકલેશ્વર સ્થિત એસઆરઆઈસીટી સાથે તમામ ઔદ્યોગિક અકસ્માત સર્જવા પાછળના કારણ અંગેની જવાબદારી સોંપવામાં આવી છે. ભરૂચ જિલ્લો ઔદ્યોગિક હબ છે અને સાત જેટલી ઔદ્યોગિક વસાહત અહીં કાર્યરત છે. ત્યારે એક વર્ષમાં ૪૨ જેટલા ગરીબ કામદારોના મોત પાછળનું કારણ શોધવુ એની જવાબદારી હવે ગુજરાત સરકારનો ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ અને એસઆરઆઈસીટી સંભાળશે.

આ અંગે એસઆર આઈ સીટીના અશોક પંજવાણીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક અકસ્માતો નિવારવા માટે અને ઉદ્યોગોને સુરક્ષા મુદ્દે જાગૃત કરવા માટે આ એક ઉત્કૃષ્ટ પહેલ છે જેને અમે સંપૂર્ણપણે નિશુલ્ક સેવા આપીશું.(૧૨.૫)

સાળંગપુરઃ કષ્ટભંજનદેવ મંદિરમાં રોટલા થાળનો ઉત્સવ ઉજવાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ) સાળંગપુરઃ સાળંગપુરમાં કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં પવિત્ર ધર્નુમાસમાં દાદાના દરબારમાં ભવ્ય-દિવ્ય વિવિધ પ્રકારના રોટલાના થાળનો ઉત્સવ ઘરે બેઠા ઓનલાઈન ઉત્સવના દર્શન ભકતોએ નિહાળ્યા હતા.

અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓફિસરની નિમણૂંકની લોકમાંગ

ઉચ્ચસ્તરીય રજૂઆત કરવા માંગ નોટિફાઈડ એરિયા ઓફિસરની નિમણુંકમાં વિલંબ કેમ? ઉઠ્યા સવાલ?

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વિશ્વમાં સૌથી મોટા ઔદ્યોગિક વસાહતોમાં ગણના થતી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની અંકલેશ્વર નોટિફાઈડ વિસ્તાર અંકલેશ્વરને પૂર્ણ સમયના નોટિફાઈડ એરિયા ઓફિસરની નિમણુંક જરૂર છે.લાંબા સમયથી અનેક હવાલા ધરાવતા નોટિફાઈડ એરિયા ઓફિસરથી કામગીરી ચાલી રહી છે.અનેક અધિકારીઓ હંગામી ધોરણે આવે છે અને જાય છે.જેથી પર્યાવરણ સહિત અનેક વહીવટી પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે.જે માટે અધિકારી અને પ્રજા પણ પરેશાન થાય છે.

અનેક હવાલા સાંભરતા અધિકારી પોતાનો સમય દરેક જગ્યાએ ફાળવી શકતા નથી જેથી કામના દબાણ માં આવી શકે છે.જેથી પોતાને અને કામને પણ અન્યાય થઈ શકે છે. અંકલેશ્વર નોટિફાઈડ વિસ્તાર મોટો વિસ્તાર ધરાવે છે જ્યાં અનેક પ્રશ્નો માટે રોજે રોજ અને પૂર્ણ સમયમાં અધિકરીની તાતી જરૂરિયાત ઉભી થતી હોય છે.પાનોલી ઔદ્યોગિક વસાહત માં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી પૂર્ણ સમયના નોટિફાઈડ એરિયા ઓફિસરની જગ્યા પર હંગામી રીતે અધિકારીઓની નિમણુંક થાય છે જેમની પાસે અનેક હવાલા હોય છે.

મજબૂત ગણાતા અને રાજકીય પીઠબળ ધરાવતા અંકલેશ્વર અને પાનોલી ઔદ્યોગિક એસોસિએશન પોતાના વિસ્તારના પ્રશ્નો જેવાકે ઔદ્યોગિક ઉત્પાદનના કે વેસ્ટ નિકાલના પ્રશ્નો માટે સજાગ હોય છે અને સરકાર પાસે પોતાની સબળ રજુઆતથી ત્વરિત નિર્ણયો લેવડાવે છે.ત્યારે આ એક મોટા વહીવટી પ્રશ્ન બાબતે વિચારણા થઈ છે કે કેમ? અને થઈ છે તો ઉકેલ ક્યારે? આવા અનેક પ્રશ્નો આ વિસ્તારની પ્રજામાં ચર્ચાઈ રહ્યા છે.(૧૩.૭)

એસબીઆઈના એટીએમમાં બનેલો

વાલિયાઃ એટીએમ દ્વારા મહિલાના ખાતામાંથી ૪૦ હજાર ઉપાડી લેતો ગઠીયો

(અમારા પ્રતિનિધિ દ્વારા) વાલિયા,તા.૧૯

પોલીસ સૂત્રીય માહિતી મુજબ વાલીયાની શિવદર્શન સોસાયટીમાં રહેતા નયનાબેન ટેડેલના એસબીઆઈ બેન્કના સેવિંગ ખાતા ધરાવે છે અને એટીએમ કાર્ડ તેઓ ની પાસે હોવા છતાં ગઠિયા દ્વારા ઇલોક્ટ્રોનિક માધ્યમ દ્વારા એટીએમ મશીનમાંથી તેમના એટીએમનું કોલિંગ કરી અથવા ડુપ્લીકેટ કાર્ડ બનાવી અલગ અલગ રીતે રૂપિયા ૪૦ હજાર ઉપાડી લીધા હતા, જે અંગેની જાણ નયનાબેન ટેડેલને થતા તેઓએ અજાણ્યા ઈસમ વિરુદ્ધ વાલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી,પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૧૩.૬)

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.દિલીપભાઈ પોપટભાઈ વ્યાસ તે મનીષભાઈ, અશ્વિનભાઈ, દિપેશભાઈના પિતાનું તા.૧૮ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૨૧ ના રોજ તેમના નિવાસસ્થાને, જાગૃતિ શ્રમજીવી સોસાયટી શેરી નં.૪ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે. મો.૯૬૮૭૬૬૩૧૫૯, ૯૯૨૪૫૧૬૨૭૦, ૯૪૨૮૨૫૫૯૭૦

રાજકોટ: મૂળ કુંતાસી હાલ રાજકોટ નિવાસી નવલકુંવરબા ગીરૂભા જાડેજા (ઉ.વ.૯૧) તે ગીરૂભા ભુરૂભા જાડેજાના પત્નિ તથા ભગવતસિંહના માતૃ તથા મયુરરાજસિંહ તથા કિર્તિરાજસિંહના દાદીનું તા.૧૮ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૧ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઉતરક્રિયા તા.૨૪-૧૨-૨૦૨૦ ગુરૂવાર નિવાસસ્થાને રાખેલ છે.

પ્રદેશ કોંગ્રેસની બેઠકમાં ટમકું મુકનાર નેતાનો ઉધડો લેવાયો

શું કરવું-ન કરવું અમને ન શીખડાવો....

બેઠકમાં ટમકું મુકનાર નેતા અમદાવાદથી રાજકોટ સુધી ગાડીમાં મુંડી નીચી રાખી અડબવાળીને બેસી રહ્યા

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી જીતવા શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર સહિતના હોદ્દેદારોએ ચર્ચા કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૯

આગામી ફેબ્રુઆરીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર છે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. માનીતા ચહેરાઓને ટીકીટ આપવા નેતાઓએ લોબીંગ શરૂ કરી દીધું છે.

જાણવા મળતી વિગત મુજબ થોડાક દિવસ પહેલા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, રાજીવ સાતવજી, પરેશ ધાનણી સહિતના નેતઓએ રાજકોટ મહાનગરપાલિકાને ચૂંટણીની તૈયારીઓને લઈને એક બેઠક યોજાઈ હતી. જેમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર પ્રદેશ કોંગ્રેસનાં અગ્રણી સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતા. બેઠકમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને શું તૈયારી કરવી જોઈએ તેને ચર્ચાઓ થતી હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર સહિતના હોદ્દેદારોઈ ચુતનીલક્ષી કામગીરીની ચર્ચાઓ કરી હતી.

ચર્ચા દરમિયાન પૂર્વ શહેર પ્રમુખના મગજમાં ભૂસું ભરાઈ ગયું હોય તેમ બેઠકમાં છવાઈ જવાની લ્હાયમાં ચર્ચા દરમિયાન વચ્ચે ટકમુ મુકવા છતાં પ્રદેશના નેતાઓએ કોઈ નોધ લીધી ન હતી.

શહરેનાં એક નેતાએ મહાનગરપાલીકાની ચૂંટણીમાં ઉમેદવારનીએ યાદી જાહેર થયા બાદ મેયર પદની જાહેરાત કરી દેકવી જોઈએ. હજી ચર્ચા પૂરી ન થી ત્યાં તો ટમકુ મુકનાર નેતાએ શિખામણ આપવાનું શરૂ કરતા પ્રદેશના નેતાઓએ રોકદુ પરખાવી દીધુ હતું કે, શું કરવું-ન શું ન કરવું અમને ન શીખડાવો. ટમકુ મુકનાર નેતાની મુંડી નીચે નમી ગઈ હતી. બેઠક પૂરી થઈ ત્યાં સુધી અડબવાળીને બેઠા હતા તેમ જાણવા મળ્યું છે.

ટમકુ મુકનાર નેતાની નીતિ ઉઘાડી પડી જતા અમદાવાદથી રાજકોટ પરત ફરતી વખતે ગાડીમાં બેસી ન બોલવાનું નીમ લેધુ હોય

(અનુ.પાના નં.૪ ઉપર)

કોઠારીયામાં જમીન દબાણમાં ત્રણ નામ ખુલ્યા : હાજર થવા સમન્સ બહાર પડતા ભૂમાફીયામાં ખળભળાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટના ઈતિહાસમાં પહેલી વખત ૧૫ દિવસમાં બે ડિમોલીશન કરવામાં આવ્યા બાદ હજુ આ પ્રક્રિયા આગળ વધારવાની જાહેરાત પ્રાંત અધિકારીએ કરી છે. કોઠારીયા વિસ્તારમાં થયેલી દબાણ હટાવ કામગીરી બાદ આરોપી તરીકે ભરત ગાજીપરા ઉપરાંત વધુ બે વ્યકિતઓના નામ ખુલ્યા છે. આ ત્રણેય આરોપીઓને હાજર થવા માટે સમન્સ કાઢવામાં આવ્યા છે.

કોઠારીયામાં પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ ડીમોલીશન કામગીરી કરીને ૨૧ જેટલા ગેરકાયદે બની ગયેલા સેડ દુર કરવામાં આવ્યા હતા. ભૂમાફીયાગીરી કરનારા ત્રણ શખ્સો પૈકીના એક ભરત ગાજીપરાએ તો સરકારની ૬ હજાર ચો.મીટર જગ્યા દબાવી દઇ સેડ બનાવી નાખ્યા હતા. અને વેચી કાઢયા હતા. એવું તપાસમાં બહાર આવ્યું હતું. કોઠારીયાના કેસમાં ભરત ગાજીપરા ઉપરાંત પૃથ્વીરાજ વરમા અને પંકજ પ્રાણલાલ વડગામા નામના શખ્સોના પણ નામ ખુલ્યા છે. આ તમામને હાજર થવા માટે સમન્સ કાઢવામાં આવ્યા છે. પ્રાંત અધિકારી ગોહિલે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, સરકારી જમીનો ખુલી કરવવાની કાર્યવાહી અવિરત ચાલુ રખાશે અને દર સપ્તાહે એક ડીમોલેશન કરાશે. જયાં જયાં સરકારી જમીનો પર દબાણ થય ગયા છે. એ તમામ દુર કરવામાં આવશે. જો કોઇ મોટા દબાણકર્તા હશે તો નવા લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીઓમાં રાજકોટ પરિવર્તનનો સંદેશો આપશે ?

એક જ પક્ષને સતત સત્તા મળે તો સ્થાપિત હિતો સર્જાવાનો ખતરો

આગામી ચૂંટણીઓમાં સત્તાપક્ષ–વિરોધી મોજુ સર્જવા કોંગ્રેસની કવાયત

મજબુત વિપક્ષનો અભાવ અથવા તો વિપક્ષી અવાજ રૂંધવો લોકશાહી માટે ઘાતક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

કોઇપણ કક્ષાની ચૂંટણી હોય, મનપાથી માંડીને સંસદ સુધીનો ચૂંટણી જંગ હોય ત્યારે હમેશા રાજકોટની શાણી, સમજુ અને સમજદાર મતદાર જનતા માત્ર શહેર કે રાજ્ય નહીં સમગ્ર દેશ માટે પથદર્શક બનતા ચુકાદા આપવાનો અનેરો ઇતિહાસ ધરાવે છે. જયારે જયારે કોઇપણ સત્તાપક્ષ પ્રચંડ બહુમતીને કારણે આડે માર્ગે ફંટાતો હોય અથવાતો પ્રજા પ્રત્યેની જવાબદારી પ્રતિ ઉદાસીન બની જતો હોય ત્યારે રાજકોટની જનતાએ તેની ઉંઘ ઉડાડવા માટેના આચકા રૂપ નિર્ણયો જરૂર આપ્યા છે. રાજકોટની જનતા વધુ એક સ્થાનિક ચૂંટણી જંગનો સામનો કરનાર છે. ત્યારે રાજકોટના મતદારોનો મીજાજ કેવો રહેશે. એ અંગે અગાવના ચુકાદાઓને વિશલેષણ કરવાનું અને આગામી ચૂંટણીમાં રાજકોટના મતદાર કેવો અભિગમ અખત્યાર કરશે. તેનો રસપ્રદ પૃથક્ક કરણ લોકોમાં શરૂ થઇ જવા પામ્યો છે. લોક ચર્ચામાં જાતજાતના અને ભાતભાતના અભિપ્રાય સાંભળવા મળી રહયા છે. રાજકોટની જનતા પરિવર્તન લાવશે કે ફિર વહી રફતાર જેવો ચુકાદો આપશે એ વિશે મતમતાંતર સાભળવા મળી રહયા છે. તેના પર એક નજર કરવાનો અમારા વાંચકો માટે રસપ્રદ થઇ પડશે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીઓના પડઘમ વાગવા લાગ્યા છે. અહીં મોટાભાગે બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો વચ્ચે જ ચૂંટણી જંગ થતો રહેવાનો રાજકોટનો ઇતિહાસ છે. સામાન્ય સંજોગોમાં એવું બનતુ હોય છે કે, સ્થાનિક કક્ષાના રાજકારણમાં હંમેશા સ્થાનિક પ્રશ્નો પર સ્થાનિક ચૂંટણીઓ લડાતી હોય છે. પરંતુ પ્રચારની આ પ્રધ્ધતીમાં એક પક્ષને કારણે ધરમુળથી પરિવર્તન આવવા લાગ્યું છે. જેના કારણે ઘણી વખત એવું બને છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સ્થાનિક પ્રજાના જાહેર સુખ અને સુખાકારીના પ્રશ્નો અભેરાઇ પર ચડાવી દઇ રાષ્ટ્રીય પ્રશ્નોને અને કેન્દ્રીય કક્ષાએ બેઠેલા પક્ષની સિધ્ધીઓના ગુણગાન ગાઇને પ્રચારનો રથ જુદી દિશામાં દોડાવવામાં આવે છે. પરિણામે સ્થાનિક મતદારોમાંથી નોંધપાત્ર સંખ્યામાં લોકોનું બ્રેઇનબોસ થઇ જાય છે. અને ઘણી વખત સ્થાનિક કક્ષાના પરિણામો ધાર્યા મુજબના રહેતા નથી. જે સરવાળે સ્થાનિક કક્ષાના વિકાશ અને પ્રગતિ માટે અવરોધક પરિબળ બની રહે છે.

આગામી સ્થાનિક ચૂંટણીઓમાં આ પ્રકારની પધ્ધતી અમલમાં મુકવામાં નહીં આવે તેવી સમજુ નાગરિકો અપેક્ષા રાખે છે. અને એમની અપેક્ષામાં વજુદ છે. રાજકોટની જનતાને સ્થાનિક સત્તા તંત્રની બોડી રચવી હોય તો નવી બોડી પાસે શહેરના સર્વાગી વિકાશ પ્રગતી અને જાહેર સુખા કારીના પગલાની ઉમેદ રાખી હોય. જો કોઇપણ પક્ષ સત્તા પર આવે કે વિપક્ષની પાટલી પર બેસે ત્યારે એમની પાસે સ્થાનિક પ્રશ્નોના નિરાકરણની લોકો આસા રાખે તો એમનો પુરેપુરો બંધારણીય અધિકાર છે.

આગામી ચૂંટણીઓને લક્ષમાં રાખીને કોંગ્રેસે એ દિશામાં સારી અને પોઝિટિવ પહેલ કરી બતાવી છે. કોર્પોરેટરો એટલે કે ગત બોડીના લોક પ્રતિનિધિઓએ શહેરના કેટલા કામો વોર્ડવાઇઝ કર્યા, કેટલા પ્રશ્નો પડતર રહયા, કોણે કેટલી ગ્રાન્ટ વાપરી અને કોણે ગ્રાન્ટ વાપરવામાં કંજુસી કરી એ તમામના લેખાજોખા કરવાની તૈયારીઓ શહેર કોંગ્રેસે શરૂ કરી છે. તે આવકાર દાયક પગલુ ગણી શકાય. કોંગ્રેસ આગામી ચૂંટણીઓના પ્રચારમાં રાષ્ટ્રીય નહીં બલકે સ્થાનિક મુદ્દાઓને પ્રાધાન્ય આપવાની રણનીતી અખત્યાર કરી રહી છે. એવું જ વલણ સત્તા પર રહેલો પક્ષ અપનાવશે કેમ એ જોવાનું રહેશે. રાજકોટની જનતાને દિલ્હી અને લડાકમાં શું થયું તેના કરતા તેના વોર્ડમાં સમય સર પાણી મળે છે કે નહીં, ગટરો સાફ થાય છે કે નહીં, આરોગ્ય અને સુખાકારીના પગલા લેવાય છે કે નહીં તેની વધુ ચિંતા હોય એ સ્વાભાવિક છે.

શું રાજકોટના મતદારો દેશને દિશા આપવાની પરંપરાનું પુનરાવર્તન કરશે ? લોકોમાં ચર્ચા

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટમાં એક દિવસની રાહત ક્ષણજીવી પુરવાર થઇ : કોરોનાએ આજે વધુ ૪ નો ભોગ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં કોરોનાથી શુક્રવારે માત્ર ૧ દર્દીનું મોત થતા આરોગ્ય વિભાગ અને જનતાએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ એ રાહત ક્ષણજીવી પુરવાર થઇ છે. અને કોરોનાએ ફરી ઉપાડો લીધો છે. શનિવારે એક દિવસમાં કોરોનાને કારણે કોવિડ હોસ્પિટલમાં વધુ ૪ના મૃત્યુ થયાનું નોંધાયું હતું.

તા.૧૮ને શુક્રવારે કુલ નવા ૮૬ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. જયારે ૮૮ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. રીકવરી રેઇટ જળવાયો છે. તા.૧૯ને શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં નવા ૨૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ રીતે કોરોનાના કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૧૨૬૯૨ ના આંકડા પર પહોંચી ગઇ છે. અત્યાર સુધીમાં શહેરમાં કુલ ૧૧૬૬૭ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતી ગયા છે. અને સાજા નરવા થઇ ઘરે પરત વળ્યા છે. રીકવરી રેઇટ ૯૨.૮ ટકા રહયો છે. અત્યાર સુધીમાં પોઝિટિવીટી રેઇટર પણ એકધારો ૨.૫ ટકાની સપાટી પર સ્થિર રહયો છે.

ફાયર ઓડિટ કમિટી દ્વારા સતત બીજા દિવસે રાજકોટમાં કોવિડ હોસ્પિટલમાં ચકાસણી હાથ ધરવામાં આવી છે. આજે શહેરની ૨૧ જેટલી કોવિડ હોસ્પિટલમાં ચકાસણી કરવામાં આવશે.જે બાદ સરકારને રિપોર્ટ આપવામાં આવશે. હોસ્પિટલોમાં સાધનો છે પણ તેને સમયયાંતરે ઓપરેટ અને મેઈન્ટેઈન કરવા સૂચના આપાવમાં આવી છે. બીજી તરફ ફાયર વિભાગે શહેરની અલગ અલગ ૩૦ બિલ્ડિંગને ફાયરની નોટિસ ફટકારી છે. રાજકોટમાં રાત્રિ કર્ફ્યુ દરમિયાન નિયમોનો ભંગ કરનાર ૧૪૮ લોકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે. પોલીસે તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં મકરસંક્રાતની મોજનો દોર કાપતો કોરોના, નિયંત્રણો જાહેર

ચાઈનીઝ દોરા–તુક્કલ પર પ્રતિબંધ, જાહેરમાં ઘાસચારાનું વેચાણ નહીં



ધાબાપર મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાની મનાઇ

પતંગ પર ઉશ્કેરણી જનક લખાણો લખવા પર પ્રતિબંધઃ રાજકોટ પોલીસ કમિશનરનું જાહેરનામુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

૨૦૨૦ની સાલમાં કોઇપણ પ્રકારના તહેવારો કોરોના મહામારીના રાક્ષ્ટે દિલથી ઉજવવા દીધા નથી. અત્યાર સુધીના તમામ તહેવારો ઘરમાં જ ઉજવવાની ફરજ પડી છે. આવુ જ મકરસંક્રાતી પર્વબારામાં બની રહયું છે. કોરોનાના કાતીલ પંજાએ પ્રજાની ઉતરાયણની મોજની દોરી અત્યારથી કાપી નાખી છે. રાજકોટ શહેરમાં કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉતરાય પર્વ સદર્ભે સંખ્યા બંધ ગાઇડલાઇન જાહેર કરવામાં આવી છે. અને અનેક પ્રકારના નિયંત્રણો લાગુ કરી દેવામાં આવ્યા છે. રાજકોટ પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ રાજકોટમાં ચાઇનીઝ દોરી-તુક્કલના વેંચાણ ખરીદી અને ઉપયોગ પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે.

જાહેરનામા મારફત કોરોના ગાઇડલાઇનસ અમલમાં મુકવામાં આવી છે. એ મુજબ મોટા અવાજમાં ધાબાઓ પર લાઉડ સ્પીકર વગાડી નહીં શકાય. જાહેર માર્ગ કે ફુટપાથ પર ભયજનક રીતે પતંગ ઉડાવી નહીં શકાય. લાંબા જંડા, વાસના બંબુ, લોખંડની પટ્ટી કે પાઇપ કે તારથી શેરી ગલ્લીઓમાં દોડાદોડ નહીં કરી શકાય

(અનુ.પાના નં.૪ ઉપર)

અવાર નવાર વિવાદમાં રહેતા આરોગ્ય વિભાગનું એક વધુ ઉંબાડીયું

રાજકોટ મનપામાં લગ્ન નોંધણીના વિભાગમાં લાગવગ શાહીને પ્રાધાન્ય!

વચેટીયા અને દલાલો નાગરિકોના ખીસ્સા ખંખેરતા હોવાની ગંભીર રજૂઆતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાના એક વિભાગ જેનો હમેશા વિવાદો સાથે નાતો રહયો છે. એવા મનપાના એક વિભાગ દ્વારા ફરી એકવાર લખણ જળકાવવામાં આવ્યા છે. મનપાના આરોગ્ય વિભાગમાં લાગવગ શાહીની બોલબાલા હોવાથી ચોક્કસ તત્વોના ખીસ્સા ગરમ કરી ન શકતા સામાન્ય અરજદારો ભારે હેરાનગતિમાં મુકાય ગયાની ગંભીર ફરીયાદો ઉઠવા પામી છે. અને છેક ગાંધીનગર સુધી મામલો પહોંચી જતા ભારે ચર્ચા જાગી ઉઠી છે. એટલુ જ નહીં આ મુદ્દા પરનો એક વીડિયો પણ વાયરલ થય ગયો હોવાથી મનપામાં ખળભળાટ મચી ગયો છે. એક અરજદારે મુખ્યમંત્રી, મુખ્યસચિવ, મ્યુ. કમિશનર, કલેકટર અને એસીપીમાં લેખીત ફરીયાદ કરીને ગંભરી આક્ષેપ કર્યો છે કે, લગ્ન નોંધણી વિભાગમાં લાગવગ અને નાણાની બોલબાલા છે. વચેટીયાઓ અને દલાલો ગેરરીતીઓ અને ભ્રષ્ટાચારમાં લીપ્ત થય ગયા હોવાથી સામાન્ય માનવીને કલાકો કતારમાં ઉભા રાખવામાં આવે છે. અને નાણાના જોરે લાગવગીયાના કામ થઇ જાય છે.

છેક ગાંધીનગર સુધી રજૂઆતો થતા ભારે ખળભળાટ

એડવોકેટ હીમાલય નરેશભાઇ મીઠાણી નામના અરજદારે અલગ-અલગ વિભાગોમાં ઉચ્ચ સ્થરે એવી લેખીત રજૂઆત કરી છે કે લગ્ન નોંધણીના નિર્દોષ નાગરિકો પાસેથી વચેટીયા અને દલાલો નાણા લઇને ભ્રષ્ટાચાર કરે છે. આરોગ્ય વિભાગના ચોક્કસ અધિકારીની હાજરીમાં હથેળી ગરમ કરનારાના જ કામ થાય છે. અને અન્યોને હેરાનગતિ ભોગવવી પડે છે. અરજદારે આવા અધિકારીઓ અને કર્મચારીઓ સામે શિક્ષાતમક પગલા લેવા રજૂઆતો કરી છે. આ અરજદારે રજૂઆત કરી છે કે લગ્ન નોંધણી માટે કચેરીમાં પુરતા પુરાવા આપી દિધા હતા. ટોકન લીસ્ટમાં નામ લખાવતા ટોકન નંબર ૩૮ આપવામાં આવ્યો છે. વેઇટીંગ રૂમમાં બેસીને બધા રાહ જોઇ રહયા હતા. દરમ્યાન આ કચેરીના એક પટ્ટાવાળા ત્રણ થી ચાર અન્ય વ્યકિતને લઇને પધારર્યા હતા. લગ્ન નોંધણીના ફોર્મ ચકાસતા કર્મચારીના કાનમાં પટ્ટાવાળાએ કંઇક કાનાફુસી કરી હતી. એટલે તરત જ એ કર્મચારીએ રાહજોતા અરજદારોના કામ પડતા મુકી દીધા હતા.

હથેળી ગરમ કરનારાનો વારો પહેલો, સામાન્ય અરજદારનો ઉલાળ્યો

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટમાં ત્રણ કોવિડ કેર સેન્ટરને વેળાસર ફાયર એનઓસી લઇ લેવા તંત્રની તાકીદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં ઉદય કોવિડ અગ્નિકાંડ બાદ હવે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને એ માટે વહિવટી તંત્ર ખુબ જ સર્તક થઇ ગયું છે. અવાર-નવાર કોવિડ હોસ્પિટલોમાં તપાસ ચાલતી રહે છે. અને અગ્નિ સુરક્ષા તથા એનઓસી અંગે તપાસ થતી રહે છે. આવી વધુ એક કાર્યવાહી ફાયર સર્વીસીઝ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. રાજકોટમાં ચાલતા ત્રણ કોવિડ કેર સેન્ટર સૌરાષ્ટ્ર કોવિડ સેન્ટર, દોશી હોસ્પિટલના કેર સેન્ટર અને વોકહાર્ટરના ન્યુવિંગ કોવિડ કેર સેન્ટરમાં તપાસ કરવામાં આવી હતી.

સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ–ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.